અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ જૂન ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ ૭ | અંક : ૩૧૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# આંધ્ર પ્રદેશમાં ચોથી વખત ચંદ્રબાબુ નાયડુએ મુખ્યમંત્રીના શપથ લીધા

## વિજયવાડાના કેસરપલ્લી આઈટી પાર્કમાં તેમનો શપથગ્રહણ સમારોહ આયોજિત થયો હતો : પવન કલ્યાણે નાયબ મુખ્યમંત્રી પદના શપથ લીધા







। (એજન્સી) અમરાવતી, તા.૧૨ ।

આંધ્ર પ્રદેશમાં એકવાર ફરીથી નાયડુ રાજ આવી ગયું છે. ચંદ્રબાબુ નાયડુએ આજે મુખ્યમંત્રી પદના શપથ લીધા. વિજયવાડાના કેસરપલ્લી આઈટી પાર્કમાં તેમનો શપથગ્રહણ સમારોહ આયોજિત થયો હતો. આંધ્ર પ્રદેશમાં સતત ચોથી વખત તેલગુ દેશમ પાર્ટીના સુપ્રીમો ચંદ્રબાબુ નાયડુએ મુખ્યમંત્રીના શપથ લીધા. શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી લઈને NDAના અનેક દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.. એટલું જ નહીં લોકસભા ચૂંટણીના પરિણામ બાદ ફરી એકવાર વિજયવાડામાં NDAની શક્તિનું પ્રદર્શન થયું હતું. આ શપથની સાથે જ સૌથી વધુ મુખ્યમંત્રી બનવાનો રેકોર્ડ પણ ચંદ્રબાબુ નાયડુએ પોતાના નામે કરી લીધો છેતેમની ગણતરી અમીર નેતાઓમાં થાય છે. તેમના ચૂંટણી સોગંદનામા મુજબ તેમની પાસે કુલ ૯૩૧ કરોડ રૂપિયાની સંપત્તિ છે. શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી લઈને NDAના અનેક દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. એટલું જ નહીં લોકસભા ચૂંટણીના પરિણામ બાદ ફરી એકવાર વિજયવાડામાં NDAની શક્તિનું પ્રદર્શન થયું હતું. તેલુગુ દેશમ પાર્ટીના સુપ્રીમો ચંદ્રાબાબુ નાયડુ આંધ્રપ્રદેશના ૨૪મા મુખ્યમંત્રી બન્યા છે. ચંદ્રબાબુ નાયડુએ બુધવારે ચોથી વખત મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યમાં સૌથી વધુ વખત મુખ્યમંત્રી બનવાનો રેકોર્ડ નાયડુના નામે છે. તેલુગુ દેશમ પાર્ટીના વડા ચંદ્રબાબુ નાયડુના શપથ ગ્રહણ સમારોહમાં તેમના ભાઈ અને દક્ષિણના સુપરસ્ટાર ચિરંજીવી અને રજનીકાંત પણ હાજર રહ્યા હતા. નાયડુ ઉપરાંત જનસેના પ્રમુખ અને એક્ટર પવન કલ્યાણે નાયબ મુખ્યમંત્રી પદના શપથ લીધા. નવી સરકારમાં CM ડેપ્યુટી CM સહિત ૨૫ મંત્રીઓ હશે.નાયડુને મંગળવારે આંધ્ર પ્રદેશમાં NDA ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા.. પવન કલ્યાણ વિધાનસભામાં ફ્લોર લીડર તરીકે ચૂંટાયા હતા. આ પછી નાયડુ અને કલ્યાણ રાજ્યપાલ એસ અબ્દુલ નઝીરને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. નાયડુની નવી સરકારમાં જ્ઞાતિનું પણ સમીકરણ જોવા મળ્યું છે. જેમાં પછાત વર્ગના ૮ નેતાઓને મંત્રી બનાવાયા છે. આ સિવાય અનુસુચિત જાતિમાંથી ૩ ચહેરાઓની પસંદગી થઈ છે. જ્યારે અનુસુચિત જનજાતિમાંથી ૧ નેતાને સામેલ કરવામાં આવ્યો છે. નાયડુએ કમ્મા અને કાપુ સમુદાયોમાંથી ૪-૪ મંત્રીઓને સામેલ કર્યા છે. રેડ્ડી સમુદાયના ૩ નેતાઓને મંત્રીમંડળમાં સામેલ કરાયા છે. જ્યારે વૈશ્ય સમુદાયના ૧ નેતાને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. ચંદ્રબાબુ નાયડુ ખુદ કમ્મા સમુદાયમાંથી આવે છે જ્યારે પવન કલ્યાણ કાપુ સમુદાયમાંથી આવે છે. ૭૪ વર્ષીય ચંદ્રબાબુ નાયડુએ ૧૯૭૦ના દાયકામાં કોંગ્રેસ સાથે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી.. તેઓ ૧૯૭૮માં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા અને ૧૯૮૦ થી ૧૯૮૨ સુધી રાજ્યની કોંગ્રેસ સરકારમાં મંત્રી રહ્યા હતા. તેલગૂ દેશમ પાર્ટીનો NDAમાં સામેલ થવાનો કિસ્સો પણ રસપ્રદ છે. ટીડીપી ૧૯૯૬માં એનડીએમાં સામેલ થઈ હતી. આ પાર્ટી ૧૯૯૮માં વાજપેયી અને ૨૦૧૪માં નરેન્દ્ર મોદીની સરકારમાં ગઠબંધનનો ભાગ હતી. ટીડીપી-ભાજપ ૨૦૧૪માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે લડ્યા હતા. મોદી સરકારે આંધ્રપ્રદેશને વિશેષ શ્રેણીનો દરજ્જો આપવાનો ઈનકાર કર્યા બાદ ૨૦૧૮માં TDP NDAમાંથી બહાર થઈ ગઈ હતી. આ પછી પીએમ મોદી અને નાયડુએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન એકબીજા વિરુદ્ધ ઘણા નિવેદનો આપ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહે ફેબ્રુઆરી ૨૦૧૯માં જાહેરાત કરી હતી કે નાયડુ માટે NDAના દરવાજા હંમેશ માટે બંધ છે. ૫ વર્ષ પછી, નાયડુ અને શાહ જૂન ૨૦૨૩માં મળ્યા હતા. ત્યારબાદ માર્ચ ૨૦૨૪માં બંને પક્ષો ફરી એક થયા.

### નાયડુ બીજી વખત સીએમ બન્યા અને ૨૦૦૪ સુધી સત્તામાં રહ્યા

ટીડીપીએ નાયડુના નેતૃત્વમાં ૧૯૯૯ની ચૂંટણી જીતી હતી. નાયડુ બીજી વખત સીએમ બન્યા અને ૨૦૦૪ સુધી સત્તામાં રહ્યા. ત્યારે આંધ્રપ્રદેશ અને તેલંગાણા એક રાજ્ય હતા. વિધાનસભામાં કુલ ૨૯૪ બેઠકો હતી. જેમાંથી ટીડીપીએ ૧૮૦ સીટો જીતી હતી. નાયડુ આગામી ૧૦ વર્ષ સુધી સત્તાથી દૂર રહ્યા. આંધ્ર પ્રદેશમાં હાલમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ટીડીપી અને સાઉથના સુપરસ્ટાર પવન કલ્યાણની પાર્ટી જનસેના સાથે મળીને ચૂંટણી લડી હતી. આ ગઠબંધનને રાજ્યમાં ૧૬૪ સીટો મળી છે. જેમાથી ટીડીપીને ૧૩૫, જનસેના પાર્ટીને ૨૧ અને ભાજપને ૮ સીટ મળી છે. વિધાનસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચને સોંપેલા સોગંદનામા મુજબ નાયડુ પાસે ૯૩૧ કરોડ રૂપિયાની ચલ અને અચલ સંપત્તિ છે. જ્યારે તેની ઉપર ૧૦.૩૮ ક રોડ રૂપિયાનું દેવું પણ છે. સોગંદનામા મુજબ ચંદ્રબાબુ નાયડુ અને તેમના પત્ની નારા ભુવનેશ્વરીની સંપત્તિમાં છેલ્લા પાંચ વર્ષમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે.

### મોદીની હાજરીમાં આંધ્રપ્રદેશના ૪થી ટર્મ માટે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

તેલુગુ દેશમ પાર્ટીના સુપ્રીમો નારા ચંદ્રબાબુ નાયડુએ ૧૨ જૂન, બુધવારે ચોથી ટર્મ માટે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રીઓ જે.પી. નડ્ડા અને બંદી સંજય કુમાર અને અન્ય કેટલાક નેતાઓ શપથવિધિ સમારોહમાં હાજર રહ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે વિજયવાડામાં એક સમારોહમાં આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા પછી નારા ચંદ્રબાબુ નાયડુનું સ્વાગત કર્યું. ચંદ્રાબાબુ નાયડુએ વિજયવાડાની બહાર કેસરાપલ્લીમાં ગન્નાવરમ એરપોર્ટ નજીક સવારે ૧૧.૨૭ વાગ્યે શપથ લીધા. નાયડુની સાથે જનસેનાના વડા પવન કલ્યાણ, TDP સુપ્રીમોના પુત્ર નારા લોકેશ અને અન્ય ૨૨ લોકોએ પણ શપથ લીધા હતા. ઉલ્લેખનીય છે કે પવન કલ્યાણને નાયબ મુખ્યમંત્રી પદની ઓફર કરવામાં આવી હોવાનું કહેવાય છે. જનસેનાને ત્રણ કેબિનેટ અને એક ભારતીય જનતા પાર્ટીની ઓફર કરવામાં આવી રહી છે.

### મૃતકોમાં છ બાળકો અને ૩૧ મહિલાઓનો સમાવેશ

# યમનના સમુદ્રમાં શરણાર્થીઓથી ભરેલી બોટ ડુબી, ૪૯ લોકોનાં મોત

## IOM એ મંગળવારે એક નિવેદન જારી કરીને કહ્યું કે ૭૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જેમાંથી આઠને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

હોર્ન ઓફ આફ્રિકાથી યમન તરફ શરણાર્થીઓ અને સ્થળાંતર કરનારાઓને લઈ જતી બોટ ડૂબી જતાં ૪૯ લોકોના મોત થયા હતા અને ૧૪૦ લોકો ગુમ થઈ ગયા હતા. અલ જઝીરાએ યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) ને ટાંકીને અહેવાલ આપ્યો છે. અહેવાલો અનુસાર, સોમવારે બોટ પલટી ગઈ હતી, જેમાં લગભગ ૨૬૦ લોકો હતા, જેમાંથી મોટાભાગના ઈથોપિયા અને સોમાલિયાના હતા. બધા સોમાલિયાના ઉત્તરી કિનારેથી ૩૨૦ કિમી (૨૦૦ માઈલ)ની મુસાફરી કરીને એડનના અખાતમાં યમન પહોંચવા



માટે નીકળ્યા.અલ જઝીરાએ અહેવાલ આપ્યો છે કે હોર્ન ઓફ આફ્રિકા અને પૂર્વ આફ્રિકાના શરણાર્થીઓ અને સ્થળાંતર કરનારાઓને સાઉદી અરેબિયા અને આ ક્ષેત્રના અન્ય આરબ દેશો સુધી પહોંચવા માટે યમન દ્વારા જોખમી મુસાફરીનો સામનો કરવો પડે છે. IOMએ મંગળવારે એક નિવેદન જારી કરીને કહ્યું કે ૭૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જેમાંથી આઠને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. આ સિવાય મૃતકોમાં છ બાળકો અને ૩૧ મહિલાઓનો સમાવેશ થાય છે. આ પહેલા એપ્રિલમાં ૬૨ લોકોના મોત નીપજ્યા હતા જ્યારે બે જહાજો જિબુટીના કિનારે યમન પહોંચવાનો પ્રયાસ કરતી વખતે ડૂબી ગયા હતા.આઈઓએમએ વધુમાં જણાવ્યું હતું કે આ માર્ગ પર ઓછામાં ઓછા ૧,૮૬૦ લોકો માર્યા ગયા હતા અથવા ગુમ થયા હતા, જેમાં ૪૮૦ લોકો ડૂબી ગયા હતા. અલ જઝીરાના અહેવાલ મુજબ, યમનમાં લગભગ એક દાયકાથી ચાલેલા યુદ્ધની વિનાશક અસરો છતાં વધુ શરણાર્થીઓ અને સ્થળાંતર કરનારાઓ આ માર્ગ અપનાવી રહ્યા છે.

### ભારતીય દૂતાવાસે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

# કુવૈતની ઈમારતમાં આગ લાગતા ૪૦ ભારતીયો સહિત ૪૩ના મોત

## એક રૂમના કિચનથી શરૂ થયેલી આગ આખા બિલ્ડિંગમાં ફેલાઈ : વડાપ્રધાન મોદીએ ઘટના મામલે દુઃખ વ્યક્ત કર્યું

। (એજન્સી) મંગાફ, તા.૧૨ ।

કુવૈતના મંગાફ શહેરમાં એક છ માળની બિલ્ડિંગમાં બુધવારે સવારે ભીષણ આગ લાગતા ૪૩ લોકોના મોત અને ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં ૪૦ ભારતીયો સામેલ છે. આ બિલ્ડિંગમાં મોટાભાગે કર્મચારીઓ રહેતા હતા. પ્રાથમિક તપાસમાં એવી માહિતી સામે આવી છે કે, પહેલા બિલ્ડિંગના એક રૂમનાં રસોડામાં આગ લાગી હતી, ત્યારબાદ જોતજોતામાં આગ આખી બિલ્ડિંગમાં ફેલાઈ ગઈ હતી. ઘટના અંગે કુવૈતના ગૃહમંત્રી શેખ ફહાદ અલ-યુસેફ અલ-સબાહે મંગાફે બિલ્ડિંગના માલિક અને શ્રમિકો માટેના જવાબદાર કંપનીના માલિકની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. તો બીજીતરફ ચોંકાવનારી વાત



એવી સામે આવી છે કે, આ બિલ્ડિંગમાં ૧૬૦થી વધુ લોકો ગેરકાયદેસર રહેતા હતા. આ ઉપરાંત બિલ્ડિંગના માલિક કેરળના બિઝનેસમેન હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. મેજર જનરલ રશીદ હમદે કહ્યું કે, 'ઘટના અંગે અધિકારીઓને આજે સવારે ૬.૦૦ કલાકે માહિતી મળી હતી. ત્યારબાદ રાહત અને બચાવનું કામ પુરજોશમાં શરૂ કરી દેવાયું છે. અમને મળેલી માહિતી મુજબ બિલ્ડિંગના એક ફ્લેટના કિચનથી આગની શરૂઆત થઈ હતી, ત્યારબાદ આખા ઈમારતમાં ફેલાઈ ગઈ. આ ફ્લેટમાં કેરળના રહેવાસી વ્યક્તિનો છે. આ બિલ્ડિંગમાં મોટાભાગના દક્ષિણ ભારતના લોકો જ હતા. ઘટનામાં ૪૦ ભારતીયોના મોત થયા છે, જેમાં કેટલાક મૃતકો કેરળના છે.' કુવૈતના નાયબ વડાપ્રધાન ફહદ યૂસુફ અલ સબા ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને આગના કારણોની તપાસ કરવા પોલીસને આદેશ આપી દીધો છે. એક વિરષ્ઠ પોલીસ કમાન્ડરે સ્ટેટ ટીવીને કહ્યું કે, જે બિલ્ડિંગમાં આગ લાગી, તેમાં શ્રમિકોના ક્વાર્ટર બનાવાયેલા છે. ઘટના સમયે ઘણા શ્રમિકો બિલ્ડિંગમાં હતાં.

## આ NDAનું મંત્રીમંડળ નથી, પરિવાર મંડળ છે

। નવી દિલ્હી, તા.૧૨ ।

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને નેતા તેજસ્વી યાદવે એનડીએ સરકારની નવી કેબિનેટને લઈને પીએમ નરેન્દ્ર મોદી અને ભાજપ પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ તેને પરિવારમંડળ કહીને એનડીએના તે મંત્રીઓનું લિસ્ટ જાહેર કર્યું છે, જેમના પરિવારના સભ્યો રાજકીય પાર્ટીઓમાં છે. બીજી તરફ બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવે કહ્યું કે રાજકારણમાં પરિવારવાદના સૌથી મોટા સંરક્ષણકર્તા, પાલનકર્તા અને પોષણકર્તા જ પરિવારવાદ પર લાંબું પ્રવચન આપે છે. રાહુલે ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે પેઢીઓના સંઘર્ષ, સેવા અને બલિદાનની પરંપરાને પરિવારવાદ કહેનાર જ પોતાના "સરકારી પરિવાર"ને સત્તાનો વારસો આપી રહ્યાં છે. કહેવા અને કરવાના આ ભેદને નરેન્દ્ર મોદી કહેવાય છે.

### કિરેન રિજિજુએ ટ્વિટર પર કરી પોસ્ટ

## લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી શરૂ થશે અને ૩ જુલાઈ સુધી ચાલશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુએ બુધવારે જણાવ્યું હતું કે ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી શરૂ થશે અને ૩ જુલાઈ સુધી ચાલશે. સત્ર દરમિયાન અધ્યક્ષની પસંદગી કરવામાં આવશે, નવા ચૂંટાયેલા સભ્યો શપથ લેશે અને સત્રના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ સંબોધન કરશે. દરમિયાન, રાજ્યસભાનું ૨૬૪મું સત્ર પણ ૨૭ જૂનથી શરૂ થશે અને ૩ જુલાઈએ સમાપ્ત થશે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી આ પહેલું સંસદ સત્ર હશે, જેમાં ભાજપ ઓછી સંખ્યા સાથે સત્તામાં પાછી આવી છે. સત્રના પ્રથમ ત્રણ દિવસોમાં નવા ચૂંટાયેલા નેતાઓ શપથ લેશે અથવા લોકસભાના સભ્યપદની પુષ્ટિ કરશે અને ગૃહના અધ્યક્ષની પસંદગી કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૭ જૂને



લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે અને આગામી પાંચ વર્ષ માટે નવી સરકારના રોડમેપની રૂપરેખા આપશે. રિજિજુએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી શરૂ થશે અને આ સત્ર ૩ જૂલાઈ સુધી ચાલશે. આ દરમિયાન નવા સભ્યો શપથ લેશે. આ ઉપરાંત અધ્યક્ષની પણ ચૂંટવામાં આવશે. રાષ્ટ્રપતિ પણ સત્ર દરમિયાન સંબોધન કરશે. વધુમાં તેમણે કહ્યું કે રાજ્યસભાનું ૨૬૪મું સત્ર પણ ૨૭ જૂને શરૂ થશે અને ૩ જુલાઈના રોજ પૂર્ણ થશે.

### વડાપ્રધાન મેલોની સાથે કરશે મુલાકાત

## G-7 શિખર સંમેલનમાં શામેલ થવા ઈટાલી જશે વડાપ્રધાન મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ત્રીજા કાર્યકાળનો કાર્યભાર સંભાળ્યા બાદ પોતાની પ્રથમ વિદેશ યાત્રા ઈટાલીની કરવા જઈ રહ્યા છે. વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ આજે જણાવ્યું કે, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીના આમંત્રણ પર વડાપ્રધાન મોદી ૫૦માં G-7 શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ગુરૂવારે ઈટાલીના અપુલિયા જશે.

૫૦મી G-7 શિખર સંમેલન આ વખતે ઈટાલીના અપુલિયા ક્ષેત્રમાં લકઝરી રિસોર્ટ બોર્ગો એગ્નાઝિયામાં ૧૩ થી ૧૫ જૂન સુધી યોજાશે. ભારતને આઉટરીચ કન્ટ્રી તરીકે આ સમિટમાં આમંત્રણ આપવામાં આવ્યું છે.

તેમણે આગળ કહ્યું કે, ત્રીજા કાર્યકાળની પ્રથમ વિદેશ યાત્રા દરમિયાન પીએમ મોદી ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે દ્વિપક્ષીય બેઠક કરી શકે છે. બેઠકમાં બંને વડાપ્રધાન દ્વારા દ્વિપક્ષીય સબંધોના સંપૂર્ણ



પાસાઓની સમીક્ષા અને આગળના પગલા માટે નિર્દેશ આપવાની આશા છે. આ બેઠકમાં યુક્રેનમાં યુદ્ધ અને ગાઝા સંઘર્ષનો મુદ્દો ચર્ચામાં રહે તેવી શક્યતા છે. G-7 એ વિશ્વની સાત અદ્યતન અર્થવ્યવસ્થાઓનો સમૂહ છે, જેમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, જર્મની, કેનેડા અને જાપાન સામેલ છે. સમિટમાં ભાગ લેનારા ટોચના નેતાઓમાં યુએસ પ્રમુખ જો બાઈડેન, ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન, જાપાનના વડા પ્રધાન ફ્યુમિયો કિશિદા અને કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડો સામેલ છે.

### રિયાસી આતંકવાદી હુમલાનો મામલો

## કાશ્મીર પોલીસે આતંકવાદીનો સ્કેચ જારી કરીને ૨૦ લાખનું ઈનામ રાખ્યું

। (એજન્સી) જમ્મુ, તા.૧૨ ।

જમ્મુ અને કાશ્મીર પોલીસે મંગળવારે રિયાસી જિલ્લામાં પેસેન્જર બસ પર હુમલામાં સામેલ આતંકવાદીનો સ્કેચ બહાર પાડ્યો અને તેના વિશે માહિતી આપનારને ૨૦ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે. તાજેતરમાં, રવિવારે પોની વિસ્તારના તેરયાથ ગામ નજીક શિવ ખોરી મંદિરથી કટરા જતા ભક્તોને લઈ જતી ૫૩ સીટર બસ પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. હુમલા બાદ બસ ખાડામાં પડી ગઈ હતી. આ ઘટનામાં ૧૦ લોકોના મૃત્યુ થયા હતા અને ૩૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "રિયાસી પોલીસે પોની વિસ્તારમાં પેસેન્જર બસ પર થયેલા તાજેતરના હુમલામાં સામેલ આતંકવાદી સંબંધિત કોઈપણ મહત્વપૂર્ણ માહિતી માટે ૨૦ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે." તેમણે વધુમાં કહ્યું કે, પ્રત્યક્ષદર્શીઓએ આપેલા વર્ણનના આધારે આતંકવાદીનો સ્કેચ તૈયાર કરવામાં આવ્યો છે. તેમણે લોકોને માહિતી આપવા અપીલ કરી હતી. આ ઘટના રવિવારે ત્યારે બની જ્યારે ૫૩ સીટર બસ શિવખોરી મંદિરથી કટરાના વૈષ્ણો દેવી મંદિર જઈ રહી હતી. બસ પર ગોળીબાર પોની વિસ્તારમાં થયો હતો. આ બસ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને દિલ્હીથી મુસાફરોને લઈને જઈ રહી હતી. ઘટના બાદ ડ્રાઈવરે કાબુ ગુમાવતા બસ ખાડામાં પડી ગઈ હતી. અહેવાલો અનુસાર, પીડિતોએ જણાવ્યું હતું કે હુમલાખોરોએ બસ પર ઘણી મિનિટો સુધી ગોળીબાર કર્યો હતો.

### ન્યૂઝ બ્રિફ

## નાગરિકોના વાંધા-સૂચનો માટે મોડલ રૂલ્સ ગૃહ વિભાગની વેબસાઈટ પર મૂકાયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

રાજકોટમાં તારીખ ૨૫ મેનાં રોજ બનેલા અગ્નિકાંડ બાદ ફાયર NOC અને BU સર્ટિફિકેટને લઈને સઘન તપાસ કરવામાં આવી રહી છે. જેમાં ફાયર NOCનાં નિયમોમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે. બીજી તરફ સરકારે પણ એમ્યુઝમેન્ટ રાઈડ્સ એન્ડ ગેમીંગ ઝોન સેફટી મોડલ રૂલ્સ તૈયાર કર્યાં છે. નાગરિકોના વાંધા-સૂચનો માટે મોડલ રૂલ્સ ગૃહ વિભાગની વેબસાઈટ પર મૂકાયા છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજકોટ ટી.આર.પી. ઘટના જેવી ઘટનાનું રાજ્યમાં ક્યાંય પણ પુનરાવર્તન ન થાય તે હેતુથી એમ્યુઝમેન્ટ રાઈડ્સ એન્ડ ગેમીંગ ઝોનમાં આવતા નાગરિકોની સલામતી માટે ગૃહ વિભાગ દ્વારા "ધી ગુજરાત એમ્યુઝમેન્ટ રાઈડ્સ એન્ડ ગેમીંગ ઝોન એક્ટીવીટીઝ (સેફટી) રૂલ્સ-૨૦૨૪" બનાવવામાં આવ્યા છે. આ સૂચિત નિયમો રાજ્ય સરકારના ગૃહ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, આ નિયમો અંગે કોઈપણ નાગરિક પોતાના વાંધા તથા સૂચનો મોકલી શકે છે. જે નાગરિકોએ આ બાબતે વાંધા-સૂચનો હોય તેમને આગામી તા. ૨૫ જૂન, ૨૦૨૪ સુધીમાં ગૃહ વિભાગના મેઈલ આઈડી home@gujarat.gov.in પર મોકલી આપવાના રહેશે. નિયત તારીખ એટલે કે ૨૫ જૂન બાદ મળેલા સૂચનો-વાંધાઓ ધ્યાને લેવાશે નહીં. ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ- ૩૩ હેઠળ પોલીસ કમિશનર તથા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓને આ અંગે નિયમો બનાવવાની સત્તા છે.

## રાજ્ય સરકારે વલસાડના કલેક્ટર આયુષ ઓકને કર્યા સસ્પેન્ડ

। (એજન્સી) વલસાડ, તા.૧૨ ।

વલસાડમાંથી વધુ એક કૌભાંડ બહાર આવ્યુ છે. વલસાડના કલેક્ટર આયુષ ઓક સસ્પેન્ડ થયા છે. ડુમસ જમીનકાંડમાં IAS અધિકારી સસ્પેન્ડ થયા છે.કરોડોના જમીન કૌભાંડમાં વલસાડના કલેક્ટર આયુષ ઓક સસ્પેન્ડ થયા છે. ૨ હજાર કરોડના કૌભાંડ મુદ્દે રાજ્ય સરકારે સસ્પેન્ડ કર્યા છે. આયુષ ઓકે બદલીના એક દિવસ પહેલા જ કૌભાંડનો સમગ્ર ખેલ પાડી દીધો હોવાનું ખુલ્યુ છે. જૂન ૨૦૨૧માં IAS આયુષ ઓક અમરેલીથી સુરત કલેક્ટર તરીકે આવ્યા હતા. ૩૧મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ તેમની બદલી વલસાડ જિલ્લામાં કરવામાં આવી હતી. બદલીના એક દિવસ પહેલા ડુમસની જમીનનું કૌભાંડ આચરવામાં આવ્યું.૧૯૪૮-૪૯થી ડુમસની જમીન સરકારી પડતર તરીકે મહેસૂલી રેકર્ડમાં હતી. મહેસૂલી રેકર્ડમાં નોંધ નંબર ૫૮૨ ગણોતિયા તરીકે એક વ્યક્તિનું નામ ઉમેરવા મંજૂરી આપી. કૃષ્ણમુખલાલ ભગવાનદાસનું નામ દાખલ કરવા મંજૂરી આપી.કાયદા મુજબ સરકારી પડતરમાં ગણોતિયો હોઈ ન શકે.

### ચૌહાણ સહિત ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ નોંધાયો ગુનો

# ગુજસેલના તત્કાલીન કેપ્ટન અજય ચૌહાણ વિરુદ્ધ ગુનો નોંધાયો

### પોતાની સત્તાનો દુરુપયોગ કરી એરક્રાફ્ટને અંગત ઉપયોગમાં કેપ્ટન અજય ચૌહાણે લીધાનો આરોપ હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજસેલના તત્કાલિન કેપ્ટન અજય ચૌહાણ વિરુદ્ધ ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ બદલ એન્ટી કરપ્શન બ્યુરોમાં ગુનો નોંધાયો છે. વર્ષ ૨૦૦૮થી કેપ્ટન અજય ચૌહાણ ફરજ બજાવતા હતા પરંતુ વર્ષ ૨૦૧૭માં ભ્રષ્ટાચાર અંગે સરકારને ધ્યાને આવતા એસીબીને પ્રાથમિક તપાસ સોંપી હતી. આ પ્રાથમિક તપાસ દરમિયાન એસીબીને કેટલીક હકીકતો ધ્યાને આવતા ગુજસેલના સિનીયર ચીફ સિકયુરીટી ઓફિસર અને જનરલ મેનેજર, વહીવટ અધિકારી કેપ્ટન અજય ચૌહાણ સહિત અન્ય ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ગુનો દાખલ કર્યો છે. આ અંગે એસીબીએ તપાસ કરતા સામે આવ્યું હતું કે કેપ્ટન અજય ચૌહાણે પોતાની ફરજ દરમિયાન સત્તાનો દુરુપયોગ કરીને ભ્રષ્ટાચાર આચર્યો છે. ગુજસેલના કેપ્ટન અને એકાઉન્ટેબલ મેનેજર



અજય કરણસિંહ ચૌહાણ, કેશમેક એવિએશન પ્રા.લિ.ના ડાયરેકટર અલ્પેશ રાજેશભાઈ ત્રિપાઠી અને ગુજસેલના એકાઉન્ટન્ટ અલ્પેશકુમાર નટવરભાઈ પ્રજાપતિ સહિત ત્રણ વ્યક્તિઓ વિરુધ્ધ અમદાવાદ એસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો છે. એસીબીની પ્રાથમિક તપાસમાં એવું પણ ખુલ્યું છે કે, આરોપી કેપ્ટન અજય ચૌહાણએ સરકારના તથા મહાનુભાવોના ઉડ્ડયન અને નિયંત્રણમાં રાખવામાં આવેલા સરકારી એરક્રાફટમાં પોતાની ફરજ દરમ્યાન પરવાનગી લીધા સિવાય જ ફરતા હતા. સાથો સાથ સરકારની કોઈપણ જાતની પરવાનગી વગર જ સત્તાનો દુરઉપયોગ કરીને પોતાના કુંટુંબીજનોને અંગત હવાઈ મુસાફરી કરાવી હતી. આ હવાઈ મુસાફરીથી સરકારની તિજોરીને આર્થિક નુકશાન પહોચાડ્યુ હતું. અજય ચૌહાણે વર્ષ ૨૦૧૭થી આ પ્રકારનો ભ્રષ્ટાચાર આચરી સરકારી પેટ્રોલ, ગ્રાઉન્ડ હેન્ડલિંગ ચાર્જ નહીં ચૂકવીને સરકારની તિજોરોમાંથી ચૂકવ્યા હતા. મહત્વનું છે કે જ્યારે સરકારી નોકરી હોય તે દરમિયાન કેપ્ટન અજય ચૌહાણ પોતે ગુજસેલ સિવાય અન્ય કંપનીને ફલાઈંગ ડયુટીની સેવા આપી શકે નહીં. તે બાબતથી પોતે જ્ઞાત હોવા છતાં આર્યન એવિએશન પ્રા.લિ. કંપનીને આ અંગેની સેવાઓ પુરી પાડી પોતાના અંગત બેંક એકાઉન્ટમાં ૪૭.૫૨ લાખ જેટલા નાણાં મેળવી, પોતે આર્થિક લાભ મેળવ્યો હતો.

### સાંસદ ગેનીબેન ઠાકોર અને કલેક્ટર વચ્ચે બેઠક

# પાલનપુરમાં કોલેરાનો રોગચાળો વકર્યો : ચાર લોકોના મૃત્યુ થયા

### સફાઈ અને ગંદકી સહિતની ફરિયાદો મુદ્દે સ્થાનિકોએ પાલિકા સહિત સ્થાનિક તંત્ર પર આક્ષેપો કર્યાં છે

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૨ ।

પાલનપુરમાં કોલેરાનો રોગચાળો વકર્યો છે. છેલ્લા બે સપ્તાહથી વિસ્તારમાં આરોગ્ય સહિતની સ્થાનિક ટીમો દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સફાઈ અને ગંદકી સહિતની ફરિયાદો મુદ્દે સ્થાનિકોએ પાલિકા સહિત સ્થાનિક તંત્ર પર આક્ષેપો કર્યાં છે. પાલનપુરમાં ૩૦૦થી વધારે દર્દીઓ કોલેરા ગ્રસ્ત હોવાનું સામે આવ્યું છે. આરોગ્ય વિભાગની ૨૫ સહિત ૩૫ જેટલી ટીમો સ્થાનિક રોગચાળા વિસ્તારોમાં કામે લાગી છે.કોલેરાને લઈ મંગળવારે રાત્રે પણ એક મહિલાનું મૃત્યુ નિપજ્યું છે. અત્યાર સુધીમાં કોલેરાને લઈ ચાર લોકોના મૃત્યુ નિપજ્યા હોવાની વિગતો મળી છે. ત્યારે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર એક્શનમાં આવ્યાં છે અને



કલેક્ટર કચેરીએ જઈને કલેક્ટર સાથે કોલેરા મુદ્દે બેઠક યોજી હતી. પાલનપુરમાં કોલેરાનો રોગચાળો વકરવાને લઈ બનાસકાંઠાના સાંસદ સભ્ય ગેનીબેન ઠાકોર એક્શનમાં આવ્યા છે. તેઓએ પાલનપુરમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એક બેઠક યોજી હતી. કોલેરાગ્રસ્ત વિસ્તારોમાં નક્કર કાર્યવાહીની માંગ સાથે મદદની રજૂઆત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. જ્યાં અધિકારીઓને મદદ માટે રજૂઆતો કરી હતી. પીવાના શુદ્ધ પાણીથી લઈને યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું હતુ. લોકસભાની ચૂંટણીને લઈ સાંસદ ગેનીબેને કહ્યું હતુ કે, મતદારો જ મહાન છે. ગમે એટલા સંશાધનો હોય કે ગમે એટલી મશીનગરીનો દુરઉપયોગ કરવામાં આવે પરંતુ મતદારો જ મહાન હોય છે. આગામી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસ મેદાન મારશે એવો દાવો કર્યો હતો.

પાલનપુર શહેરના વોર્ડ નંબર ૬ વિસ્તારને કોલેરા ગ્રસ્ત જાહેર કરાયો છે. આ મામલે છેલ્લા ૮ દિવસોમાં આરોગ્ય વિભાગની ૫૦ જેટલી ટીમો દ્વારા ૧૨૦૦ જેટલા ઘરનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગ ટીમ દ્વારા દરેક ઘરને પીવાના પાણી ક્લોરિન વાળું આપવા પાલિકાને સૂચના આપવામાં આવેલી છે.આ ઉપરાંત વોર્ડ નંબર ૬ એરિયામાં આવતા ખાણીપીણીની લારીઓ, શેરડી કોલાના ધંધાઓ બંધ કરવામાં આવ્યા છે.

### દંપતીને ફોન પર ધમકાવીને સાયબર ગઠિયાએ રૂપિયા ખંખેરી લીધા

# કુરિયરમાં પાસપોર્ટ અને ડ્રગ્સ છે કહી દંપતી સાથે ૪.૮૧ લાખની છેતરપિંડી

### સમગ્ર છેતરપિંડીની વિસ્તૃત ફરિયાદ ખોખરા પોલીસે નોંધીને વધુ તપાસ હાથ ધરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

એક તરફ સાયબર ક્રાઈમને રોકવા માટે પોલીસ દ્વારા સતત જાગૃતિ માટે પ્રયાસ કરાઈ રહ્યા છે બીજી તરફ સાયબર ગઠિયા નિર્દોષ લોકોને કેસ કરવાના જાસા આપીને ઠગાઈ કરવાની તક ચૂકતા નથી. આવો જ એક કિસ્સો ખોખરા પોલીસ મથકે નોંધાયો છે જેમાં દંપતીને મુંબઈ એરપોર્ટ પર ડ્રગ્સ સાથેનું કુરિયર જપ્ત કરાયું છે અને સીબીઆઈ દ્વારા કેસ કરવામાં આવશે એવી ધમકી આપીને અલગ અલગ રીતે રૂપિયા ૪.૮૧ લાખ જેટલી માતબર રકમ ખંખેરી લીધી હોવાની ફરિયાદ નોંધાઈ છે. મણીનગર પૂર્વમાં રહેતાં રિચર્ડ મેકવાન ઈમિગ્રેશન કામકાજ સાથે સંકળાયેલા છે અને એમના પત્ની નીતુસિંગ પણ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત ૨૧ માર્ચે રિચર્ડના મોબાઈલ પર એક ફોન આવ્યો હતો. જેમાં ફેડએક્સ કુરિયર કંપનીમાંથી બોલતા હોવાની ઓળખ આપી હતી અને કહ્યું કે, થાઈલેન્ડમાં કુરિયર મોકલ્યું હતું જે રિજેક્ટ થયું છે. આ કુરિયર મુંબઈ એરપોર્ટ ખાતે જમા લેવામાં આવ્યું છે. કુરિયરમાં પાંચ પાસપોર્ટ, ત્રણ ક્રેડિટ કાર્ડ, ચાર કિલો કપડાં તથા એક લેપટોપ તેમજ ૧૪૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ મળી આવ્યું છે. જોકે, રિચર્ડે આવું કોઈ કુરિયર કે પાર્સલ તેમણે મોકલ્યું નથી એમ કહેતાં સામે બોલનારે ધમકી આપી હતી કે હવે તમારો નંબર સાયબર ક્રાઈમમાં ટ્રાન્સફર કરીશ. તેણે ફરીથી પોતાની ઓળખ મુંબઈ સાયબર ક્રાઈમ અને સીબીઆઈના અધિકારી તરીકે આપીને ધમકાવ્યા હતા. રિચર્ડ પાસેથી કોઈ હકારાત્મક પ્રતિસાદ ન મળતાં ગઠિયાઓએ એમના પત્નીને ફોન કરી ધમકાવી બેંકની વિગતો મેળવી હતી. એટલું જ નહીં મેકવાન દંપતીને ઓનલાઈન કસ્ટડીમાં રાખવાની ધમકી આપી પહેલાં રૂપિયા ૯૧ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા. ગભરાયેલા મેકવાનના પત્નીને અલગ અલગ એપ્લિકેશન્સ ઈન્સ્ટોલ કરાવીને અમુક પૈસા સીધા ક્રિપ્ટો કરન્સી એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. સાયબર ગઠિયાઓએ રિચર્ડના પત્નીના એકાઉન્ટમાં નાણાં પૂરા થઈ જતાં પર્સનલ લોન લેવા ફરજ પાડી હતી. આ લોનના પૈસા પણ અલગ અલગ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી કુલ રૂપિયા ૪.૮૧ લાખની રકમ ખંખેરી લીધી હતી. આખરે નીતુસિંગે તેની માતાને વાત કરતાં છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેણે તુરત જ પતિ રિચર્ડને સમગ્ર હકીકત જણાવી હતી. આખરે મહિલાએ સાયબર ક્રાઈમના ટોલ ફ્રી નંબર પર ફરિયાદ કરી હતી. સમગ્ર છેતરપિંડીની વિસ્તૃત ફરિયાદ ખોખરા પોલીસે નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### ઘરે તપાસ કરતાં પોલીસે ચાર એસી મળી આવ્યા હતા

## ચાંદખેડામાં ૯ એસીની ચોરી કરનારા બે યુવક ઝડપાયા

### અમદાવાદ શહેરમાં દારૂ જુગારના અઠ્ઠાઓના દૂષણ સાથે ચોરી અને લૂંટની ઘટનાઓ પણ સતત વધતી જઇ રહી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ શહેરમાં દારૂ જુગારના અઠ્ઠાઓના દૂષણ સાથે ચોરી અને લૂંટની ઘટનાઓ પણ સતત વધતી જઇ રહી છે. ત્યારે જ ચાંદખેડાના એક ગોડાઉનમાંથી ૯ એસી ચોરી જનારા બે યુવકોને ચાંદખેડા પોલીસે ઝડપી લઇ તમામ એસી કબજે લીધા છે. આ યુવકો ઉનાળામાં એસીની ખૂબ જ માગ હોવાથી એસી ચોરીને વેચવાની ફિરાકમાં હતા ત્યારે જ પોલીસે તેમને ઝડપી લીધા છે. ચાંદખેડા પોલીસ ઈન્સ્પેકટર નિકુંજ સોલંકી અને સબ ઈન્સ્પકેટર વી.જી.ડાભીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને બાતમી મળી હતી કે સ્થાનિક વિસ્તારનો એક યુવક કે જેણે એસીની ચોરી કરી છે તે ફરી રહ્યો છે અને તેણે ચોરીના એસી ચાદખેડા વિસત માતાના વાસ ખાતે મૂક્યા છે. પોલીસે તરત જ તેને ઝડપી લીધો હતો અને પૂછપરછ કરતાં તેનું નામ રોહિત રમેશભાઈ પરમાર(રહે. વિસત માતાનો માઢ, ચાંદખેડા અમદાવાદ) હોવાનું જાણી શકાયું હતું અને તેના ઘરે તપાસ કરતાં પોલીસે ચાર એસી મળી આવ્યા હતા. પૂછપરછમાં તેણે એવી કબૂલાત કરી હતી કે બાકીના પાંચ એસી તેના મિત્ર સુધીર અમૃતલાલ રાઠોડ નિકોલના ઘરે મૂકેલા છે. જેને પગલે પોલીસે સુધીરના ઘરેથી પાંચ એસી કબજે લીધા અને તેને પણ ઝડપી લીધો હતો. તેમની પૂછપરછમાં એવી વિગતો સામે આવી હતી કે તેમણે ઉનાળામાં એસીની માગ વધારે હોય છે માટે તેમણે ચાંદખેડા નિગમનગર ખાતેના ગોડાઉનમાંથી એસી ચોરી લીધા હતા અને વેચવાની ફિરાકમાં ફરતા હતા ત્યારે પોલીસે તેમને ઝડપી લીધા હતા.

## નરોડા વિસ્તારમા ત્રણ શખ્સોએ પોલીસકર્મી પર કર્યો હુમલો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

શહેરમાં મારામારીની અસંખ્ય ઘટનાઓ દરરોજ પોલીસ મથકે નોંધાય છે, પરંતુ હવે શહેર પોલીસ પણ સુરક્ષિત ન હોય તેવી ઘટના સામે આવી છે. નરોડા વિસ્તારમાં રસ્તે પસાર થતા પોલીસકર્મી ઉપર ત્રણ લોકોએ હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. જો કે, નરોડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓની ધરપકડ કરી છે. નરોડા પોલીસે મયુર ઉર્ફે ટીનો સોલંકી, આર્યન ઉર્ફે ગોગો સોલંકી અને રોનક ઉર્ફે રાહુલ વાઘેલાની ધરપકડ કરી છે. આ ત્રણેય આરોપીઓની હિંમત એટલી હદે વધી ગઈ કે તેઓએ એક પોલીસકર્મીને માર માર્યો હતો. ઘટનાની વિગતવાર વાત કરીએ તો અમદાવાદના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે એલઆરડી તરીકે ફરજ બજાવતા કોન્સ્ટેબલ જયદેવસિંહ ઝાલા સોમવારે પોતાનું મોટરસાયકલ લઈને રાતના સમયે કઠવાડાથી નરોડા તરફ પસાર જતા હતા તે દરમિયાન હંસપુરા બ્રિજ પહેલા આ ઘટના બની હતી.એક મોટરસાયકલ ઉપર ત્રણ જણા બેફામ રીતે વાહન ચલાવતા અને તેઓને ઓવરટેક કરતા જયદેવસિંહે ત્રણેય જણાને મોટરસાયકલ ધીમે જોઈને ચલાવવાનું જણાવ્યું હતું.

## દારૂના નશામાં ધૂત મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓનો વિડીયો વાયરલ થયો

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતની સિવિલ હોસ્પિટલ ફરી વિવાદમાં સપડાઈ છે. મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ વિડીયો વાયરલ થતા લોકોમાં ઉહાપોહ જોવા મળ્યો. વીડિયોમાં રેસીડન્ટ ડોક્ટરની દારૂના નશામાં ધમાલ કરતા હોવાનું જોવા મળે છે. વીડિયો વાયરલ થયા બાદ સિવિલ હોસ્પિટલના આ ડોક્ટરો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. વાયરલ વીડિયોમાં દારૂની બોટલ જોવા મળી છે. સુરત શહેરમાં સ્મીમેર હોસ્પિટલ બાદ નવી સિવિલ હોસ્પિટલ પણ વિવાદમાં આવી છે. રેસીડેન્ટ ડોક્ટરોને રહેવા માટે આપવામાં આવેલ હોસ્ટેલના રૂમમાં ઐયાસીનો વિડીયો સામે આવ્યો છે. ડોક્ટરોને લોકો ભગવાન માને છે ત્યારે આવા ડોક્ટરો અભ્યાસ અને કામમાં ધ્યાન આપવાના બદલે ઐયાસી કરી રહ્યા છે. વાયરલ વીડિયોમાં એક રૂમમાં કેટલાક ડોક્ટરો દ્વારા દારૂની મહેફિલ માનતા હોવાના દ્રશ્યો જોઈ લોકો રોષે ભરાયા છે. વીડિયોમાં દારૂની બોટલની સાથે મખનાના પેકેટ પણ જોવા મળ્યા. નશામાં ભાન ભૂલેલા રેસીડેન્ટ ડોક્ટરો સરકારી સંપત્તિને પણ નુકસાન પહોંચાડ્યું હતુ

## વિશેષ

### પ્રાકૃતિક ખેતીમાં સફળ થવાની ચાવીઓ એટલે જીવામૃત, બિયારણ અને ખેતપેદાશોનું મૂલ્યવર્ધન

# કેમિકલ કંપનીની નોકરી છોડી પ્રાકૃતિક ખેતીના પ્રહરી બનેલા ખેડૂત શ્રી વાસુદેવભાઈ ડોડિયાએ જણાવી પ્રાકૃતિક ખેતીમાં સફળ થવાની કહાણી

### વાસુદેવભાઈએ જીવામૃતનો ઉપયોગ કરી, પોતાનું જ બિયારણ વિકસાવી તથા ખેતપેદાશનું મૂલ્યવર્ધન કરી મેળવ્યો મબલખ નફો

। (માહિતી) અમદાવાદ ।

આ વાત છે અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના કડવાસણ ગામના ખેડૂત વાસુદેવભાઈ ડોડિયાની. ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરનાર વાસુદેવભાઈએ ભણવાનું છોડ્યા બાદ એક કેમિકલ કંપનીમાં નોકરી શરૂ કરી હતી. પરંતુ મનમાં કંઈક અલગ જ દિશામાં આગળ વધવાની તમન્ના હતી. કેમિકલ કંપનીમાં કામ કરતા તેમને એક વાત તો સમજાઈ ગઈ હતી કે ખેતીમાં જંતુનાશક દવા અને રાસાયણિકનો અતિરેક સમગ્ર માનવસૃષ્ટિને કદીએ ભરપાઈ ન થઈ શકે તેટલું નુકસાન કરશે. બસ, આ જ વિચારે તેમને પ્રાકૃતિક ખેતી તરફ દોર્યા અને શરૂ થઈ એક સામાન્ય ખેડૂતમાંથી પ્રાકૃતિક ખેતીના પ્રહરી બનવાની સફર.

શરૂઆતમાં નાના પાયે પ્રાકૃતિક રસાયણમુક્ત ખેતીની શરૂઆત કરનાર વાસુદેવભાઈએ કડવાસણમાં આવેલા તેમના ખેતરને પ્રાકૃતિક ખેતીનું જાણે મોડેલ ફાર્મ બનાવી દીધું. આજે તેઓ પ્રાકૃતિક પદ્ધતિથી તુવેર, ચણા, સોયાબીન અને શાકભાજીનો પાક લે છે. શુદ્ધ અને ગુણવત્તાયુક્ત પેદાશથી મબલખ નફો મળવાના મૂળમાં જીવામૃત, પ્રાકૃતિક બિયારણ અને મૂલ્યવર્ધન છે, તેમ વાસુદેવભાઈ જણાવે છે.

#### જીવામૃત અને પ્રાકૃતિક ખાતર જમીન માટે બન્યા સંજીવની

વાસુદેવભાઈએ પ્રાકૃતિક ખેતીમાં રાસાયણિક ખાતરના વિકલ્પ તરીકે પોતાના જ ઘરે રહેલી ગાયના છાણ તથા ગૌમૂત્રથી તૈયાર કરેલું જીવામૃત તથા ઘનજીવામૃતનો ઉપયોગ કર્યો. સાથોસાથ ગાંગડા હિંગ, ચણાનો લોટ, હળદર અને અજમો સહિત હાથવગી ગુણકારક વસ્તુઓનો ઉપયોગ કર્યો. જીવામૃત બનાવવાની રીત સમજાવતા તેઓ કહે છે કે, ૧૮૦ લીટર પાણીમાં ૧૦ કિલો જેટલું ગાયનું તાજું છાણ, ૧ કિલો ચણાનો લોટ, ૧ કિલો દેશી ગોળ અને ગૌમૂત્રને મિશ્રિત કરી પાંચ દિવસ સુધી હલાવવાનું રહે છે. ત્યારબાદ ૧૫ દિવસમાં તેને પાણી સાથે આપવાથી જમીનની ગુણવત્તા સુધરી છે. આ ઉપરાંત કિટનાશક દવા તરીકે ખાટી છાશનો છંટકાવ કર્યો, જેનાથી પાકને ફાયદો થયો હોવાનું પણ વાસુદેવભાઈ જણાવી રહ્યા છે.

રાસાયણિક ખેતીમાં વર્ષોથી વપરાતા ખાતર અને દવાને કારણે જમીન નિર્જીવ બની હતી. જમીનની ભેજધારણ ક્ષમતા પણ ઘટી હતી અને વધુ પાણીની જરૂરિયાત રહેતી હતી. જેની સામે પ્રાકૃતિક ખેતીમાં જમીનની ભેજ ધારણ ક્ષમતામાં પણ વધારો થયો છે. પ્રાકૃતિક ખેતીની શરૂઆત કર્યા બાદ ખેતરમાં જીવજંતુ અને પાકમિત્ર પશુ-પક્ષીઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે. અન્ય વિસ્તારની સરખામણીમાં તેઓનું પ્રમાણ પ્રાકૃતિક ખેતી થતા ખેતરમાં વધારે જોવા મળે છે. જેના કારણે જૈવિક ચક્રનો વિકાસ પણ થયો છે. જે રાસાયણિક ખેતી આધારિત ખેતરમાં જોવા મળતું નથી.

#### પોતાનું જ બિયારણ વાપરી, વાવણીમાં વિવિધતા થકી બન્યા આત્મનિર્ભર

વાસુદેવભાઈ જણાવે છે કે, રાસાયણિક ખેતીના ખર્ચની સામે પ્રાકૃતિક ખેતીમાં ખર્ચમાં ઘણો ઘટાડો થયો છે. તેનું એક કારણ બિયારણ પણ છે. શરૂઆતમાં તેઓ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પાસેથી બિયારણ લેતા હતા અને હવે દેશી બિયારણની ખેતી કરી તેમાંથી જ ગુણવત્તાસભર ઉત્કૃષ્ટ બીજને પછીની સીઝનમાં બિયારણ તરીકે ઉપયોગ કરે છે. વર્ષ દરમિયાન સિઝન પ્રમાણે બાજરી, જુવાર, રાગી સહિત ૮ ધાન્ય પાકો, તુવેર, મગ, ચણા સહિતના કઠોળ પાકો અને વિવિધ શાકભાજીનું વાવેતર તેઓ કરે છે. તેઓ આંતરખેડ કરીને વર્ષે સારું એવું ઉત્પાદન મેળવે છે. આમ, અન્ય ખેડૂતો પણ મોનોક્રોપિંગ છોડીને વાવેતરમાં વિવિધતા લાવે તેવી અપીલ વાસુદેવભાઈ કરી રહ્યા છે.

#### ખેતપેદાશોનું મૂલ્યવર્ધન કરી પોતાની બ્રાન્ડ બનાવી મેળવ્યો મબલખ નફો

વાસુદેવભાઈ પ્રાકૃતિક પદ્ધતિથી તુવેર, ચણા, સોયાબીન અને શાકભાજી સહિતની ખેતપેદાશોનું મૂલ્યવર્ધન કરી રહ્યા છે. ઓર્ગેનિક તુવેરમાંથી દેશીપદ્ધતિ દ્વારા તેઓ તુવેરદાળ બનાવે છે. લીલા ચણાને શેકીને દેશી ઘી અને ગોળ મિશ્રિત ચોકલેટને ટક્કર માટે તેવું જાદરિયું બનાવે છે. આવા વિવિધ ઉત્પાદનોને પરિવારજનોની મદદથી પેકિંગ કરી અમદાવાદ શહેરમાં વેચાણ અર્થે લઈ જાય છે. આમ, મૂલ્યવર્ધન થકી વાસુદેવભાઈ વર્ષે ૪થી ૫ લાખનો મબલખ નફો મેળવી રહ્યા છે.

#### સરકારના વિવિધ વિભાગોની પ્રોત્સાહક યોજનાઓનો લાભ મેળવી બન્યા પ્રાકૃતિક કૃષિ કન્વીનર

સરકારની પ્રાકૃતિક ખેતી માટે તાલીમ, પ્રોત્સાહક યોજનાઓ અને માર્ગદર્શક કાર્યક્રમો થકી પ્રેરણા મેળવી વાસુદેવભાઈ ડોડિયા પ્રાકૃતિક કૃષિ મંડળના કન્વીનર બની ગયા છે. ખેતીવાડી વિભાગ દ્વારા ખેત ઓજારોની સબસીડી, પશુપાલન વિભાગ દ્વારા ગાયનો નિભાવખર્ચ અને બાગાયત વિભાગ દ્વારા બિયારણની ખરીદીમાં સબસીડી અને સહાયનો લાભ મળતા તેમને ખૂબ ફાયદો થયો છે. આમ, 'ગમતાનો કરીએ ગુલાલ'ની તર્જ પર વાસુદેવભાઈ પોતે મેળવેલા પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ અન્ય ખેડૂતો સુધી પહોંચાડવા કટિબદ્ધ બન્યા છે.

## તંત્રી લેખ...

# પહેલા પાણીની અસર અને હવે વીજળીની

દિલ્હી ગરમી અને પાણીની અછતનો સામનો કરી રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે હવે દિલ્હીના નાગરિકોની મુશ્કેલીમાં ફરી એક વધારો થયો છે. ઉત્તર પ્રદેશના મંડોલા સ્થિત પાવર ગ્રિડમાં આગ લાગતા દિલ્હીનો વીજળી સપ્લાય પુરવઠો ખોરવાયો હતો. જેને કારણે દિલ્હીમાં અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. એવામાં રાજધાનીમાં ગરમી પણ વધી છે અને મંગળવારે તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચી ગયું હતું. દિલ્હીના મંત્રી આતિશીએ કહ્યું હતું કે મંગળવારે બપોરે બે વાગ્યા બાદથી જ દિલ્હીના અનેક વિસ્તારોમાં વીજળી કાપ રહ્યો. દિલ્હીને ૧૫૦૦ મેગાવોટ વીજળી પુરી પાડતા ઉત્તર પ્રદેશના મંડોલાના આવેલા રાષ્ટ્રીય પાવર ગ્રિડમાં આગ લાગી હતી. જેને કારણે દિલ્હીના લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. વીજળી ટ્રાન્સમિશન કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. હું નવા ઉર્જા મંત્રીને મળીને દિલ્હીની આ સમસ્યા અંગે રજુઆત કરીશ. સાથે જ દિલ્હીમાં જળસંકટની સ્થિતિ અંગે વાત કરતા આપના પ્રવક્તા પ્રિયંકા કક્કડે કહ્યું હતું કે હીટવેવને કારણે દિલ્હીમાં પાણીની માગ વધી ગઈ છે. હિમાચલ પ્રદેશ સરકાર દિલ્હીને વધુ પાણી આપવા તૈયાર છે. જોકે હિમાચલથી આ પાણી હરિયાણા થઈને આવે છે.આપના નેતાએ કહ્યું હતું કે હરિયાણા સરકાર યમુના નદીમાં પાણી નથી છોડી રહી, દિલ્હીમાં પાણીની ભારે અછત છે, જે વચ્ચે દિલ્હીના સાંસદો ક્યાં છે? ઉપરાજ્યપાલ વિકે સક્સેના હરિયાણાનો બચાવ કરી રહ્યા છે. દિલ્હીવાસીઓના પૈસા પર એલજી મોજ કરી રહ્યા છે અને હરિયાણા સરકારનો બચાવ કરી રહ્યા છે. દિલ્હીમાં અનેક વિસ્તારને નો વોટર ઝોન જાહેર કર્યા છે જ્યાં ટેંકરોથી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જ્યારે આતિશીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય પાવર ગ્રિડમાં મોટી અડચણ ચિંતાજનક છે. આ પ્રકારની ઘટના ફરી ના થાય તે માટે કેન્દ્રમાં નવા ઉર્જા મંત્રી અને પીજીસીઆઈએલના ચેરમેન સાથે બેઠક યોજીને રજુઆત કરવામાં આવશે. જ્યારે ઉત્તર પ્રદેશના અધિકારીએ દાવો કર્યો હતો કે આગ નથી લાગી પણ ગ્રિડમાં અન્ય સમસ્યા હતી જેનો ઉકેલ કરીને વીજળી સપ્લાય શરૂ કરી દેવાયો છે.

# પરીક્ષાનું પૂરું આકલન કરવામાં વિશેષજ્ઞોની પણ અક્કલ ચકરાઈ જશે

જ્યારે આખો દેશ અઢારમી લોકસભાનાં ચૂંટણી પરિણામો જોઈને સૂવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યારે ૪ જૂન, ૨૦૨૪ની રાત્રે ડોક્ટરીનું ભણતર લેવાનું સપનાં જોનારા છાત્રો માટે કોઈ દુઃસ્વપ્ન જેવી આવી. દુનિયાની સૌથી મોટી પ્રવેશ પરીક્ષાઓમાંથી એક 'નીટ' એટલે કે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટની ૫ મેએ પરીક્ષા આપ્યા બાદ આ છાત્રો બહુ આતુરતાથી ૧૪ જૂનની રાહ જોઈ રહ્યા હતા, જ્યારે તેમની મહેનતનું પરિણામ આવવાનું હતું. પરીક્ષા લેનારી સંસ્થા નેશનલ ટેસ્ટ એજન્સી (એનટીએ)એ માહિતી બુલેટિનમાં આ જ તારીખ જાહેર કરી હતી. આ પરીક્ષાની એક ખાસિયત એ છેકે પરીક્ષા સમાપ્ત થવાના થોડા કલાકોમાં જ છાત્રોને પોતાના પ્રદર્શનનો આભાસ થઈ જાય છે. એનટીએ લેવામાં આવેલ પરીક્ષાના સાચા જવાબ ઓનલાઈન મૂકી દે છે અને પરીક્ષાર્થીઓને લગભગ પોતાના મેરિટનો અંદાજ આવી જાય છે. પરીક્ષા પરિણામથી આ મેરિટ અને તેના આધાર પર મળનારી મેડિકલ કોલેજની પુષ્ટિ થઈ શકે છે. ૪ જૂનની રાત્રે અચાનક બાળકો અદ્ધે તેમના વાલીઓના સેલફોનની ઘંટડી વાગવા માંડી અને કોઈ વિસ્ફોટની જેમ એ માહિતી મળી કે એનટીએએ નીટની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દીધું છે. એના પર વિશ્વાસ કરવો થોડો મુશ્કેલ હતું, કારણ કે એનટીએ તો પોતાના બુલેટિનમાં ૧૪ જૂનની તારીખ જાહેર કરી હતી અને દર વર્ષે પરીક્ષાના પરિણામો જાહેર કરવાના કલાકો પહેલાં સૂચના પ્રસારિત કરવામાં આવે છે કે પરિણામ આવવાનું છે. પછી આ વખતે આટલી ઉતાવળ કેમ હતી કે કોઈ પૂર્વ સૂચના વગર દસ દિવસ પહેલાં અચાનક જ પરિણામો જાહેર કરી દેવાયાં? એ તો બીજા દિવસે સાંજે સ્પષ્ટ થવાનું શરૂ થયું કે આ પરીક્ષામાં મોટી ગરબડ થઈ છે, જેનું પૂરું આકલન કરવામાં વિશેષજ્ઞોની પણ અક્કલ ચકરાઈ જશે. શું એ અનાયાસ હતું કે પરિણામ જાહેર કરવા માટે એવી તારીખ પસંદ કરવામાં આવી, જ્યારે આખા દેશનું મીડિયા ચૂંટણી પરિણામોના વિશ્લેષણમાં વ્યસ્ત હતું? એ તો ભલું થજો સોશ્યલ મીડિયાનું કે જેણે શરૂઆતી આંચકામાંથી બહાર આવતાં જ બૂમરાણ મચાવવાનં શરૂ કરી દીધું કે હજારો મેધાવી છાત્રો સાથે ગોટાળાબાજોએ છેતરપિંડી કરી છે. પ્રેસ કોન્ફરન્સમાં કોઈ તૈયારી વિના આવેલા એનટીએના મહાનિર્દેશક એક પત્રકારના એ પ્રશ્ન પર ગેંગેં-ફેંફેં થઈ ગયા કે પરીક્ષાનાં પરિણામ નક્કી તારીખથી આટલાં વહેલાં કેમ જાહેર થઈ ગયાં? આખો વિવાદ માત્ર સોળસો બાળકો સંબંધિત છે, પરંતુ જાણકારો અનુસાર પચાસ હજાર જેટલા અભ્યર્થીઓના મેરિટ પર તેની અસર પડશે. ૭૨૦ અંકોની આ પરીક્ષામાં પાછલાં વર્ષો સુધી વધુને વધુ બે, ત્રણ પરીક્ષાર્થીઓને જ પૂર્ણાંક મળતા રહ્યા છે. આ વર્ષે આટલા અંક મેળવનારાની સંખ્યા ૬૭ થઈ ગઈ. પ્રતિભાના આ વિસ્ફોટનું જે કારણ એનટીએ અધિકારીઓએ જણાવ્યું તેમાં એટલાં છીંડાં છે કે આસાનીથી કોઈ વિશેષજ્ઞના ગળે ન ઉતરે. ગરબડની શરૂઆત ફોર્મ ભરતાં જ શરૂ થઈ ગઈ હતી. ફોર્મ ભરવાની નિર્ધારિત તારીખ ૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ હતી. ઘણાં બાળકોએ અંતિમ દિવસોમાં ફોર્મ ભરવાની કોશિશ કરી, પરંતુ નીટની વેબસાઈટ ક્રેશ થઈ જવાને કારણે કેટલાય પ્રકારની મુશ્કેલીઓ પડી અને વાલીઓની માંગ પર ફોર્મ ભરવાની અંતિમ તારીખ એક અઠવાડિયું વધારી દેવામાં આવી. બાદમાં બહુ રહસ્યમય રીતે ફોર્મ ભરવા માટે નીટની વેબસાઈટ બે દિવસ (૯ એપ્રિલથી ૧૦ એપ્રિલ) માટે ફરી ખોલવામાં આવી. એ તપાસનો વિષય હોવો જોઈએ કે કઈ પરિસ્થિતિઓમાં આ બે દિવસોમાં ફરીથી ફોર્મ ભરવામાં આવ્યાં અને નવા શામેલ અભ્યર્થીઓમાંથી કેટલા સફળ થયા? એનટીએ દ્વારા જારી નીટ ટોપરોના મેરિટ લિસ્ટમાં આઠ છાત્રોના ક્રમાંક એક જ સિરીઝ (૬૨ થી ૬૯)માં હોવા પર પણ શંકા વ્યક્ત કરવામાં આવી છે. તેમાંથી છ છાત્રોને રેંક-૧ મળ્યો છે અને એ તમામ હરિયાણાના બહાદુરગઢ સ્થિત એક જ પરીક્ષા કેન્દ્રના છે! આ આઠમાંથી સાત છાત્રોની અટક લિસ્ટમાં નથી લખવામાં આવી, તેથી શંકા ઓર વધી જાય છે. આ છાત્રોના નીટ રોલ નંબર, નામ, અંક અને રેંકના સ્નેપશોટ સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. આ આઠમાંથી છ છાત્રોએ ૭૨૦માંથી ૭૨૦ અંક પ્રાપ્ત કર્યા છે.

**પ્રાર્થના એ એક એવો ઘંટ છે, જેના દ્વારા આપણે નિર્ગુણ ઈશ્વરને આપણી તરફ જોવા માટે આહવાન કરી સગુણ બનાવીએ છીએ**

# માગું હું તે આપ પ્રભુજી ! એ પ્રાર્થના થકી વ્યક્તિગત થી શરૂ કરીને વૈશ્વિક શાંતિ સુધી પહોંચી શકાય!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**પ્રાર્થના એટલે માંગણી નથી, એ વાત પણ યાદ રાખવાની છે, મોટેભાગે પ્રાર્થના નીજી સુખ માટે નથી થતી, પણ છતાં દેશ કાળ મુજબ લોકો પોતાની સુખ સુવિધા માટે પ્રાર્થના, વ્રત ઉપવાસ, યજ્ઞ, બધું જ કરતા હોય છે, જે થવું ન જોઈએ, હાં ખુદનાં આત્મ ઉદ્ધાર કે ઉત્થાન માટે હજી પણ કંઈક થાય તો એ વ્યાજબી છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વર્તમાન સમયમાં વિશ્વમાં લગભગ દરેકે દરેક વ્યક્તિ કોઈને કોઈ કારણથી અશાંત છે, અને મન જ્યારે અશાંત હોય અને શાંતિની ઈચ્છા રાખતાં હોઈએ તો, એની માટે પ્રાર્થના જેવો બીજો એક પણ ઉપાય નથી. પરંતુ પ્રાર્થના એટલે માંગણી નથી, એ વાત પણ યાદ રાખવાની છે. મોટેભાગે પ્રાર્થના નીજી સુખ માટે નથી થતી, પણ છતાં દેશ કાળ મુજબ લોકો પોતાની સુખ સુવિધા માટે પ્રાર્થના, વ્રત ઉપવાસ, યજ્ઞ, બધું જ કરતા હોય છે, જે થવું ન જોઈએ. હાં ખુદનાં આત્મ ઉદ્ધાર કે ઉત્થાન માટે હજી પણ કંઈક થાય તો એ વ્યાજબી છે. બાકી તો વૈશ્વિક શાંતિ કે સામાજિક શાંતિ માટે, જ પ્રાર્થના કરવામાં આવે છે. એટલે જ આપણે ત્યાં સ્કૂલોમાં રોજ સવારે પ્રાર્થનાનો એક ક્રમ રાખવામાં આવ્યો છે, જેને કારણે નાનપણથી પ્રાર્થના એટલે સામૂહિક ગાન કરીને સામાજિક શાંતિ માટેની સામૂહિક માંગ! એ મર્મ સમજી શકે. મંદિરોમાં જેમ ઘંટ રાખ્યો હોય છે, અને વ્યક્તિ જાય ત્યારે ઘંટ વગાડીને, હે ઈશ્વર હું તારી સનમુખ આવી ગયો છું. બસ એ જ રીતે પ્રાર્થના એ એક એવો ઘંટ છે, જેના દ્વારા આપણે નિર્ગુણ ઈશ્વરને આપણી તરફ જોવા માટે આહવાન કરી સગુણ બનાવીએ છીએ. તો આવો આવી જ એક પ્રાર્થના.

**માગું હું તે આપ, પ્રભુજી!**
**માગું હું તે આપ.**
**ના માંગુ ધન વૈભવ એવાં**
**મન દેખી મલકાય,**
**ભલે રહું હું દીન તોય લઉં ના**
**ગરીબ કેરી હાય!**
**એવું હૈયાનું બળ આપ, પ્રભુજી!**
**પાંચ માગું હું તે આપ**

કવિ પોતાનાં મનનાં ભાવ પ્રભુના ચરણે રાખતા કહે છે, કે હે પ્રભુ હું માંગુ તે તું આપ પ્રભુજી! હું માંગું એ તું આપ. કવિ કહે છે કે હે પ્રભુ હું તારા ચરણે માંગવા ચોક્કસ આવ્યો છું, પરંતુ મને ધન વૈભવ જોઈતા નથી. ભલે હું જિંદગીભર દિન એટલે કે ગરીબ રહું, છતાં કોઈ દિવસ કોઈ ગરીબની હાય એટલે કે નિસાસો ન લઉં! એવું મને હૈયાનું બળ એટલે કે મારું આત્મબળ કે આત્મવિશ્વાસ સદા આપજે.

**ઉંચા નીચા ભેદ ન જાણું,**
**સૌને ચાહું સમાન**
**સૌને આવું હું ખપમાં મુજ**
**કાયા વજ સમાન**
**એવું શરીરનું બળ આપ, પ્રભુજી!**
**પાંચ માગું હું તે આપ**

ઊંચા નીચા એટલે કે સમાજનાં જે ધનવાન ગરીબના વર્ગ છે, એને વિશે કવિ કહે છે કે કોઈની મોટાઈ જોઈ અને તેની ખુશામત ન કરું! અને કોઈ ગરીબનું અપમાન ન કરું, અથવા તો એની વચ્ચે ભેદ ન કરું. હું સૌને સમાન રીતે ચાહું, સૌને માન સન્માન આપું. એ ઉપરાંત હું સૌને મદદમાં આવી શકું! તેમજ આ બધું કરવા માટે મારી કાયા વજ સમાન એટલે કે લોખંડી બની રહે એવું શરીરનું બળ આપ પ્રભુજી.

**કરતાં કાર્ય જગે સેવાનાં**
**જો કદી થાકી જવાય**
**કાયા થાકે મન નવ થાકે**
**જીવતર ઉજળું**
**એવું મનનું બળ તું આપ, પ્રભુજી!**
**પાંચ માગું હું તે આપ**

કવિ આગળ કહે છે કે જગતના કામ કરતા કરતા જો થાકી જવાય, તો મારું શરીર ભલે થાકે પણ મન ક્યારેય થાકે નહીં! અથવા તો મન આવા લોકસેવાનાં કામથી ધરાઈ ન જાય ! અન્યના જીવનમાં પ્રકાશ ફેલાવી શકું,તો જ મારું જીવતર ઉજળું બનશે! અને મને સર્વનું કલ્યાણ જેમાં સમાયું છે, એવી જીવન જીવવાની પ્રેરણા આપતું બળ આપ પ્રભુજી. આ રચના અજ્ઞાત છે, એટલે કે કોણે લખી છે, એ વિશે કોઈ ઉલ્લેખ નથી, પણ સાવ સીધા સાદા શબ્દોમાં લખાયેલી પ્રાર્થનામાં કવિ માત્ર ત્રણ પગલાં ભરે છે , અને કવિ કદાચ પોતાના આત્મ ઉત્થાન માટે આ ત્રણ પગલા ભર્યા હોય. પણ આ ત્રણ નાની નાની માંગથી આપણે વૈશ્વિક શાંતિ સુધી પહોંચી શકીએ તેમ છીએ. કારણકે આજે લોકોને ધન દોલતનું એટલું ઘેલું લાગ્યું છે કે, વાત પૂછો માં!: આ પહેલાં પણ એકવાર કોઈ સંદર્ભે કહ્યું હતું કે આપણા પૂર્વજો કરતા આપણી પાસે હજારો ઘણું વધારે છે, એમ કહી શકાય! અને છતાય આપણે સંતુષ્ટ નથી, એ આપણાં જીવનની એક કડવી સચ્ચાઈ છે. એટલે ધન દોલત મેળવવી એ જ આજના કોઈપણ વર્ગની મહત્વકાંક્ષા બની ગઈ છે, અને એને કારણે આજની યુવાની વિદેશ પણ જવા લાગી છે. એવું નથી પહેલા નહોતા જતાં, પરંતુ આજે પ્રમાણ વધી ગયું છે. રૂપિયાનું એક સૌથી મોટું દુષણ હોય તો, જેવા રૂ. આવે એટલે પોતે કંઈક છે એવું થાય જ ! એનો એક અલગ નશો હોય છે, જે અન્યને પોતાના નીચા સમજે છે, અને એને કારણે ઘણી વાર કોઈનું વગર કારણે અપમાન પણ કરી બેસે. કોઈ ગરીબની હાય આ રીતે જ નીકળતી હોય છે! એટલે કવિ આ બાબતે પોતે જાગૃત રહે એવું પ્રભુ પાસે માંગે છે. આજની વૈશ્વિક સમસ્યા ખુશામતની પણ છે, એટલે કે લોકો જે પલ્લું ભારે જોવે એ તરફ નમીને પોતાના કામ કરાવી લેવામાં માને છે! અને એ કારણે સ્વમાન કે ખુમારી ધીરે ધીરે ઘટતા જાય છે. તદુપરાંત સૌને સમાન રીતે જુવાની આપણી દ્રષ્ટિમાં પણ ભેદભાવ આવી ગયો હોવાથી, બધાને એક સરખી રીતે મૂલવી શકાતા નથી, અને એને કારણે સંવેદના પ્રગટ થતી નથી. જરૂરિયાતને નામે એટલી બધી સુવિધાની તેવો પાડી દીધી છે કે, કાયા તો હવે લગભગ કોઈની વજ જેવી રહી નથી. પરંતુ અહીં કવિ માન અપમાન ગળી જઈ શકે, એવી સહન શક્તિ આપવાની વાત કરે છે, જે પણ હવે બહુ ઓછે જોવા મળે છે. આજે સેવા કરવાની નહીં, પરંતુ સેવા લેવાની માનસિકતા વાળા લોકો સમાજમાં વધુ છે! પરિવારમાં માતા-પિતા પણ ભારે પડતા હોય, ત્યાં અન્યની સેવાની તો વાત જ છોડો! પરંતુ સેવાનો અર્થ પહેલા સમજવો પડે. આપણા મનમાં સેવા એટલે કોઈનાં પગ દાબી દેવા કે પછી, અન્ય રીતે કોઈ શારીરિક રીતે સક્ષમ ન હોય તો એને મદદ કરવી એટલું જ છે,એ તો છે જ! પણ ઘણીવાર આપણે સારું કામ કોઈ કરતું હોય એનો વિરોધ કર્યા વગર ટેકો દઈએ તો એ પણ સેવા ગણાય. કોઈના દિલને શાંતિ થાય એવા બે વાક્યો બોલવાં, હસીને વાત કરવી, કોઈ વિદ્યાર્થીની ફી ભરી ન શકાય, પણ એને મફત ભણાવી શકીએ એમ હોઈએ તો એ કરવું! એ જ રીતે જેની સાથે કોઈ સંબંધ નથી, એવી વ્યક્તિના ક્યારેક હાલ ચાલ પૂછવા, એવી વસ્તીમાં જવું! જ્યાં આપણાથી કંઈ થઈ શકતું હોય તો કરવું, એટલે કે કોઈ વિધવા કે લાચારની થોડા દિવસની રોટીનો પ્રબંધ કરવો! અરે કોઈને નાનો મોટો રોજગાર આપવો! કે પછી આપણા સંતાનો લાખોમાં રૂપિયા વાપરતા હોય, ત્યારે ઋતુ પ્રમાણેના ફળ, મીઠાઈ, કે ક્યારેક વસ્ત્રોનું દાન કરવું! ખરીદીને ના આપી શકાય તો ઘરમાં જે પડ્યું છે, એ પણ ઉપયોગમાં આવી શકે, એને આપવું એ પણ એક સેવા જ છે! વિશ્વમાં એક કરોડ લોકો રોજ ભૂખ્યા સુવે છે, તો ક્યાય અન્નનો બગાડ ન થાય એ જોવું! આ બધું જ કરીને આપણે જગસેવા કે લોક સેવા કરી શકીએ. આવનારી પેઢી માટે વધતા જતા ગ્લોબલ વોર્મિંગને રોકવા માટેના પ્રયત્ન કરીએ! કવિની આ રચના થકી આપણે પણ આવા નાના નાના ત્રણ ડગલાં ભરીને વ્યક્તિગતથી વૈશ્વિક શાંતિ સુધી પહોંચી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**મરણપથારીમાં પડયા પછી જેના માટે તમે પૈસાનું પાણી કર્યું તે લોકો જ તમે જલદી મરો તેવી ઈચ્છા રાખે છે**

# મનુષ્ય જન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડી શકે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પાપ પુરુષ અને પુણ્ય પુરુષ, પુણ્ય પુરુષ કહે છે, તને પુણ્ય કરવાની તક આપી છતાં તે પુણ્ય કદી કર્યું નહીં, આ જીવ મરે છે ત્યારે અતિશય તરફડે છે, યમદૂતોની ગતિ પગથી આંખ સુધી હોય છે, બ્રહ્મરંધ્રમાં જે પ્રાણને સ્થિર કરે છે તે યમદૂતો કાંઈ કરી શકતા નથી, મર્યા પછી પૂર્વજન્મ યાદ આવતો નથી. સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર, તેની અંદર કારણ શરીર છે.**

વૃદ્ધાવસ્થામાં ખાધેલું પચતું નથી, છતાં ખાવાની વારંવાર ઈચ્છા થાય છે. વૃદ્ધાવસ્થામાં આ લૂલી બહુ પજવે છે. હજી શરીર સારું છે, ત્યાં સુધી બાજી હાથમાં છે ત્યાં સુધી પ્રભુને રાજી કરો તો બેડો પાર છે. મરણપથારીમાં પડયા પછી જેના માટે તમે પૈસાનું પાણી કર્યું તે લોકો જ તમે જલદી મરો તેવી ઈચ્છા રાખે છે. આપ્તવર્ગ પણ મને કંઈ મળશે એવી ઈચ્છા થી સેવા કરે છે. બધાં સ્વાર્થનાં સગાં ભેગાં થાય છે. ભાગવતમાં સગાંઓને શિયાળ, કૂતરા જેવાં કહ્યાં છે. છેવટે ડોસો એકલો રડતો રડતો જાયછે.જાણે છેકે હું જઈશ ત્યારે કોઈ સ્ત્રીપુરુષ સાથે આવશે નહીં. મારે એકલાને જવું પડશે છતાં વિવેક રહેતો નથી. યમદૂતો આ જીવાત્માને શરીરમાંથી બહાર કાઢે છે. અંતકાળમાં બે યમદૂતો આવે છે. પાપ પુરુષ અને પુણ્ય પુરુષ. પુણ્ય પુરુષ કહે છે,તને પુણ્ય કરવાની તક આપી છતાં તે પુણ્ય કદી કર્યું નહીં. આ જીવ મરે છે ત્યારે અતિશય તરફડે છે. યમદૂતોની ગતિ પગથી આંખ સુધી હોય છે. બ્રહ્મરંધ્રમાં જે પ્રાણને સ્થિર કરે છે તેને યમદૂતો કાંઈ કરી શકતા નથી. મર્યા પછી પૂર્વજન્મ યાદ આવતો નથી. સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર, તેની અંદર કારણ શરીર છે. સૂક્ષ્મ શરીરની અંદર રહેલી વાસનાઓને કારણ શરીર છે.યમદૂતો જીવાત્માને સૂક્ષ્મ શરીર સાથે યમપુરીમાં લઈ જાય છે.અતિપાપી માટે યમપુરીનો માર્ગ ભયંકર છે. પાપીને ગરમ રેતી ઉપર ચાલવું પડે છે.ચિત્રગુપ્ત જીવાત્માએ કરેલાં પાપ પુણ્ય જીવાત્મા યમ દરબારમાં સંભળાવે છે.ચૌદ સાક્ષીઓ સાક્ષી આપે છે.પછી જીવાત્માને પાપ કબૂલ કરવું પડે છે. પૃથ્વી,ચંદ્રવગેરે ચૌદ સાક્ષીઓ છે. પાપ પ્રમાણે નરકની સજા થાય છે. જો કોઈ જીવનાં પાપ- પુણ્ય સરખા હોય તો તે ચંદ્રલોકમાં જાય છે. પુણ્ય જ હોય તો સ્વર્ગમાં જાય છે. પુણ્ય ખૂટી જાય એટલે ફરીથી મનુષ્યલોકમાં જન્મ લેવો પડે છે અને આમ અનેક જન્મમરણનું દુઃખ ભોગવે છે. ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે, પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલે એ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે. વૃંદાવનમાં એક મહાત્મા રહેતા હતા. મહાત્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં એક ઉંદર પાછળ બિલાડી પડી. ઉંદર આવીને મહાત્માની ગોદમાં ભરાયો. મહાત્માને દયા આવી. ઉંદરને કહ્યું,તું કહે તે પ્રમાણે બનાવી દઉં. ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું, હું બિલાડી બની જાઉં તો પછી કોઈની બીક ન રહે. કહે, મને બિલાડી બનાવી દો. મહાત્માએ તેને બિલાડી બનાવી દીધી.એક દિવસ તે બિલાડી પાછળ કૂતરો પડ્યો.ત્યારે બિલાડી એ કહ્યું, મહારાજ, મને કૂતરો બનાવી દો. હવે તે કૂતરો બન્યો. એક દિવસ જંગલમાં તે કૂતરા પાછળ વાઘ પડયો. એટલે કૂતરો કહે, મહારાજ, મને વાઘ બનાવી દો. મહાત્માએ તેને વાઘ બનાવ્યો. વાઘ બનાવ્યો ત્યારે હિંસકવૃત્તિ જાગૃત થઈ. તેણે વિચાર્યું, આ મહારાજ મને ફરીથી ઉંદર બનાવી દેશે તો ભારે થશે. માટે ચાલ આ મહાત્માને જ ખાઈ જાઉં. મહારાજ સમજી ગયા. તેમણે તરત તેને ફરીથી ઉંદર બનાવી દીધો. આ ઉંદર- બિલાડીની કથા નથી. આ કથા આપણી કથા છે. આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો અને હવે તે માનવ થયો છે. માનવ બન્યા પછી માનવ ઈશ્વરને જ એ ભૂલી જાય તો પાછો હતો ત્યાં ને ત્યાં જ પહોંચી જવાનો; ત્યારે તે કહેવા લાગ્યો કે, હું ઈશ્વરમાં માનતો નથી, ધર્મમાં માનતો નથી! ભગવાન ક્યા ચીજ હૈ! પણ ભગવાન કહે છે કે, યાદ રાખ. હું તને ફરીથી ઉંદર-બિલાડી બનાવી દઈશ. આ મનુષ્યજન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે. પશુપક્ષીઓના અવતારમાં અનેક પ્રકારે દુઃખ ભોગવી જીવ મનુષ્ય યોનિમાં આવે છે. જે દિવસે ગર્ભ રહે છે તે દિવસે પાણીના પરપોટા જેવો સૂક્ષ્મ હોય છે. દસ દિવસ પછી ફળ જેવો મોટો થાય છે. એક મહિનાના ગર્ભને માથું આવે છે,બે મહિનામાં હાથ-પગ,ત્રણ મહિનામાં નખ-વાળ,ચાર મહિના માં સાત ધાતુ, પાંચ મહિનામાં ભૂખ-તરસનું જ્ઞાન, છ મહિનામાં માતાના પેટમાં ભ્રમણ, આ ક્રમ છે. જ્યાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય તેવા વિષ્ટા અને મૂત્ર થી ભરેલા પોલાણમાં તેને રહેવું પડે છે. તેને જંતુઓ કરડે ત્યારે કેટલીક વખત તે મૂર્છા પામે છે. વળી માતાએ ખાધેલા તીખા,ઊના ખારા,ખાટા ખોરાક વડે તેના સઘળાં અંગમાં વેદના થાય છે.આ પ્રમાણે ગર્ભમાં અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. પાંજરામાં પક્ષી પુરાય તેમ રહે છે. પણ કંઈ પણ કરવાને તે અસમર્થ છે.સાતમે મહિને જીવાત્માને પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. તે ગર્ભમાં પ્રભુની સ્તુતિ કરે છે, નાથ, મને બહાર કાઢો. ગર્ભવાસ અને નર્કવાસ સરખો છે. મને બહાર કાઢશો તો બહાર નીકળ્યા પછી હું તમારી ખૂબ સેવા કરીશ, ભક્તિ કરીશ.ગર્ભમાં જીવ ભગવાન આગળ અનેક પ્રતિજ્ઞાઓ કરે છે. પછી જન્મ વખતે અતિશય વેદનામાં પૂર્વજન્મનું જે જ્ઞાન હતું તે જીવ ભૂલી જાય છે. બહાર આવતી વખતે અતિશય દુઃખ થવાથી ગર્ભનું જ્ઞાન ભૂલે છે. જન્મ અને મરણનું દુઃખ ભયંકર છે. આ બંને દુઃખ સરખા છે. આ દુઃખોનો અંત આવતો નથી. જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે. સંસારમાં માયા કોઈને છોડતી નથી. જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે.તે પછી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે. પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે. પૈસાનો પ્રેમ ટકતો નથી. પછી લાડી સાથે પ્રેમ કરે છે.તે પ્રેમ પણ કાયમ રહેતો નથી. બે-ચાર છોકરાં થાય છે. એટલે ગભરામણ થાય છે. સ્ત્રીમાંથી મોહ ઓછો થાય છે. આ પ્રભુની માયા વિચિત્ર છે. પરણેલો પણ પસ્તાય છે અને ન પરણેલો પણ પસ્તાય છે. અનેક જન્મોથી આ પ્રમાણે જીવ ભટકતો આવ્યો છે. હજી યાં સુધી ભટકવું છે? તારા મનને સંસારના વિષયોમાંથી હટાવી પ્રભુમાં સ્થિર કર. પરમાત્માના ચરણનો આશ્ચર્ય કરી જન્મમરણના ત્રાસમાંથી મુક્ત થવા પ્રયત્ન કર! જે મુક્ત થયો તેનું જીવન સફળ થયું. આમ માતાને ઉપદેશ આપી કપિલ ભગવાન ત્યાંથી ઊઠ્યા,ને કલકત્તા પાસે ગંગાસાગરના સંગમ તીર્થમાં પધાર્યા.આજપણ કપિલ ભગવાન ના ત્યાં દર્શન થાય છે. કપિલ નારાયણનું સ્વાગત સમુદ્રે કર્યું છે. માતા દેવહુતિ સરસ્વતીના કિનારે વિરાજેલાં છે. સ્નાન કરે છે, ધ્યાન કરે છે, એટલે મનની શુદ્ધિ થાય છે.માતા દેવહુતિ ને નારાયણનું ચિંતન કરતાં કરતાં મુક્તિ મળી છે.દેવહતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડયું છે. દેવહતિના ઉદ્ધારથી તેને માતૃ ગયા કરે છે.આ કપિલગીતા સાંભળવાથી શ્રોતા-વક્તાઓનાં અનેક પાપોનો નાશ થાય છે. સંતની પરીક્ષા કરવી બહુ કઠણ છે. પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે.એટલે સંતની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો. આજે લોકો તુકારામ મહારાજની જય બોલાવે છે, પણ એની હયાતીમાં લોકોએ એમને બહુ ત્રાસ આપેલો. એક વખત તો હોળીના દિવસોમાં લોકોએ તુકારામ મહારાજને ગધેડા પર બેસાડીને ફેરવેલા. પણ સંતને માન શું અને અપમાન શું? તુકારામને ગધેડો ગરુડ લાગે છે. તુકારામ મહારાજના જીવનમાં અનેક ચમત્કારો દેખાય છે, પણ એમણે એકેય ચમત્કાર કર્યો નહોતો. માત્ર એક જ વખત એમણે ચમત્કાર બતાવ્યો હતો અને તે પણ પત્ની ના દુઃખને દૂર કરવા માટે. જ્યારે તુકારામ મહારાજને ગધેડા ઉપર બેસાડી જોડાની માળા પહેરાવી ફેરવ્યા ત્યારે પત્નીને તુકારામ મહારાજને ગધેડા ઉપર નહીં, ગરુડ ઉપર બિરાજેલા દેખાયા હતા. સંતોની સહનશક્તિ અલૌકિક હોય છે. સંતો માનથી આનંદિત કે અપમાનથી દુઃખી થતાં નથી. તેઓ માનઅપમાનને પી જાય છે.કથા સાંભળ્યા પછી સંત બનો. કથામાં ઊંઘ આવે તો વ્યાસ ભગવાને તેની દવા બતાવેલી જ છે.મહા કિંમતી દવા છે.હરે શ્રી કૃષ્ણ હરે શ્રીકૃષ્ણનો જપ કરવો. કારણ કે કથામાં બહુ ઊંઘ આવે તો સાપનો જન્મ આવે છે. બાજુમાં બેઠેલો જો એને ન જગાડે તો એને મદારીનો જન્મ મળે છે. જેમ સારી સુગંધ એ સારા અત્તની ઓળખ છે, તેવી જ રીતે સારા શબ્દો એ સારા માણસની ઓળખ છે. તે માણસના શબ્દો નથી બોલે છે, પરંતુ તેના મૂલ્યો છે. વ્યક્તિના મૂલ્યોનું મૂલ્યાંકન કરવા માટે શબ્દો સૌથી અસર કારક અને સચોટ આધાર છે. સ્વભાવમાં નમ્રતા, શબ્દોમાં મધુરતા અને કાર્યમાં કર્તવ્યની નિષ્ઠા એ શ્રેષ્ઠ મૂલ્યોના સૂચક છે. તેનો સીધો અર્થ એ છે કે તમારો ઉછેર સારા સંસ્કારો સાથે થયો છે. શબ્દો એ તલવાર છે જેના ઘા ક્યારેક જીવ છીનવી લેવા છતાં રૂઝાતા નથી. તેથી, જીવનમાં આ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે જ્યારે પણ તમે બોલો ત્યારે મર્યાદામાં જ બોલો જેથી કરીને કોઈ બીજા દ્વારા તમારા મૂલ્યો પર સવાલ ન ઉઠાવી શકાય. બીજી એક વાતઃ ખરાબ શબ્દો વાપરવા કરતાં અવાચક રહેવું અનેકગણું સારું છે. એક પ્રસંગાનુસાર એક માણસ યુધિષ્ઠિર પાસે કોઈ કામ લઈને આવ્યો ત્યારે એમણે તે માણસને કાલે મળવાનું કહ્યું તે વખતે ભીમ ત્યાં હાજર હતો.

# સાનિયાનો બાયોપિકમાં લીડ રોલ કરવાનો અભરખો સમાપ્ત થશે?



સાનિયા મિર્ઝાએ આંતરરાષ્ટ્રિય સ્તરે પોતાની અને દેશની એક ઓળખ બનાવી છે. તેના માનમાં સાનિયાના જીવન પર એક બાયોપિક બની શકે છે, જે દુનિયાભરના ખેલાડીઓને સફળતા માટે મહેનત કરવા પ્રેરણા આપશે. સાનિયા મિર્ઝા તાજેતરમાં જ કપિલ શર્માના ઓટીટી શોમાં હાજર રહી હતી. તેમાં તેની સાથે બોક્સર મૅરી કોમ, બૅડમિન્ટન ચેમ્પિઅન સાઈના નેહવાલ અને સ્નિપર સિફ્ટ કૌર પણ હાજર રહ્યાં હતાં. આ દરમિયાન કપિલ શર્માએ શાહરુખ ખાનના એક જૂના ઈન્ટરવ્યૂનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, શાહરુખ ખાને અગાઉ એવો સંકેત આપ્યો હતો કે તેમને કોઈ ફિલ્મમાં સાનિયાનાં પ્રેમીનો રોલ કરવો ગમશે. આ સાંભળીને, સાનિયાએ કહ્યું હતું, ''પરંતુ એના પહેલાં, મને પ્રેમમાં કોઈ રસ હોવો જોઈએ ને.'' તેણે ઉત્સાહપૂર્વક એવો પણ ખુલાસો કર્યો કે તે અક્ષય કુમારને પ્રથમિકતા આપશે. ''જો શાહરુખજી ફિલ્મ કરશે તો હું મારો પોતાનું જ પાત્ર કરી શકું, પણ જો અક્ષય કુમાર કરે તો હું એ ફિલ્મ ચોકક્સ કરીશ.'' આ ઈન્ટરવ્યૂ દરમિયાન કપિલ શર્માએ કહ્યું હતું કે મૅરી કોમની બાયોપિકમાં પ્રિયંકા ચોપરાએ કામ કર્યું હતું, જ્યારે તેની બહેન પરિણિતિ ચોપરાએ સાઈના નેહવાલની બાયોપિકમાં કામ કર્યું હતું. તેણે સાનિયાને એવું પણ પૂછ્યું હતું કે, તે શું ઈચ્છશે, તેની ફિલ્મમાં કોણ કામ કરે. સાનિયાએ કહ્યું, ''હવે કોઈ ચોપરા સિસ્ટર બચી છે? ના, મને લાગે છે આપણી પાસે દેશમાં ઘણા સારા કલાકારો છે. કોઈ પણ કરી શકે. અથવા તો હું પોતે જ મારો રોલ કરી લઉં.'' આ વર્ષની શરૂઆતમાં સાનિયા અને શોએબના ડિવોર્સના સમાચાર ઈન્ટરનેટ પર આગની જેમ ફેલાયા હતા. પાછળથી સના શોએબે સના જાવેદ સાથે સગાઈની જાહેરાત કરીને આ અફવાની ખાતરી આપી હતી. ત્યારથી સાનિયા પોતાના ગમતા લોકો સાથે સમય પસાર કરી રહી છે અને તેનાં બાળકો ઈઝાન મિરઝા મલિકની તસવીરો પણ શેર કરતી રહે છે.

# અક્ષય કુમારના નામે 'ગોલમાલ' ઓટીટી શોના ડાયરેક્ટરની ફરિયાદ

**ઝીનત લાંબા સમય બાદ એક્ટિંગમાં કમબેક કરી રહ્યાં છે, તેમણે ઓટીટી પ્લેટપોર્મની પસંદગી કરી છે**

વીતેલા દાયકાનાં જાજરમાન એક્ટ્રેસ ઝીનત અમાન પાછલા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. ઝીનત અમાન લાંબા સમય બાદ એક્ટિંગમાં કમબેક કરી રહ્યાં છે અને તેમણે ઓટીટી પ્લેટપોર્મની પસંદગી કરી છે. ઓટીટી પર 'શો સ્ટોપર'ના આગમન પૂર્વે જ આ શો ચર્ચામાં આવ્યો છે. ઝીનત અમાનના આ શોમાં પ્રેઝન્ટર તરીકે અક્ષય કુમારને સંમત કરવાના નામે ઠગાઈ કરવાનો આરોપ એક એક્ટ્રેસ પર લાગ્યો છે. શોના ડાયરેક્ટરે દિગાંગના સૂર્યવંશી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. અનેક ટીવી સિરિયલમાં મહત્ત્વના રોલ કરનારી દિગાંગનાએ ગોવિંદા સાથે 'ફ્રાઈડે'માં કામ કર્યું હતું અને હાલ તે સાઉથમાં એક્ટિવ છે. ઝીનત અમાનનો કમબેક પ્રોજેક્ટ 'શો સ્ટોપર' આર્થિક તંગીના કારણે અટવાયો હોવાના રિપોટ્ર્સ અગાઉ આવ્યા છે. આ શોના ડાયરેક્ટર મનીષ હરિશંકરે આ મામલે ખુલાસો કર્યો હતો કે, એક્ટર્સ અને ક્રૂ સભ્યોની ફી ચૂકવાઈ ગઈ છે અને શો હાલ પોસ્ટ પ્રોડક્શનમાં છે. રિલીઝ ડેટ નક્કી થાય તે પહેલાં 'શો સ્ટોપર' વધુ એક ચર્ચામાં છે. આ વખતે શોના ડાયરેક્ટરે જાણીતી ટીવી-ફિલ્મ એક્ટ્રેસ દિગાંગના સૂર્યવંશી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં જણાવ્યા મુજબ, 'શો સ્ટોપર'ના પ્રેઝન્ટર તરીકે અક્ષય કુમારને લાવવા માટે દિગાંગનાએ એમઓયુ કરવા કહ્યું હતું. પોતાની ફી માટે મર્સિડિઝ કાર અને રૂ.૭૫ લાખ ઉપરાંત અક્ષયના સેક્રેટરી વેદાંગ બાલી અને કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય મે રૂ.એક કરોડની ફી માગી હતી. શોના પ્રોડ્યુસર અક્ષય કુમારને રૂ.૬ કરોડ એડવાન્સ ચૂકવે તો જ તેઓ આ પ્રોજેક્ટમાં કામ કરશે તેવું દિગાંગાના કહેતી હતી. જો કે 'શો સ્ટોપર'ના ડાયરેક્ટર સાથે અક્ષય કુમારની મુલાકાત કરાવતી ન હતી. અક્ષય કુમારના પ્રતિનિધિ હોવાનો ડોળ કરીને દિગાંગનાએ ફરિયાદીને વિશ્વાસ અપાવવામાં આવ્યો હતો. અક્ષય કુમાર સાથે આ મામલે વાત થઈ હોવાનો દાવો દિગાંગનાએ કર્યા પછી અક્ષય કુમાર આ શો જોવા માગતા હોવાનું કહીને બે વ્યક્તિ મનીષની ઓફિસે આવ્યા હતા. અક્ષય કુમાર તે સમયે અજમેરમાં શૂટિંગ કરતા હતા. તેથી દિગાંગના અને પોતાના સ્ટાફને અજમેર જવાની વ્યવસ્થા ફરિયાદીએ કરી હતી. અજમેર પહોંચ્યા પછી દિગાંગનાએ 'શો સ્ટોપર'ની વિગતો ધરાવતું આઈ પેડ લઈ લીધું હતું અને સ્ટાફને એકલા રાખીને જ અક્ષય કુમારને મળવા પહોંચી હતી. અક્ષય કુમાર 'શો સ્ટોપર'માં પ્રેઝન્ટર બનવા માટે રૂ.૬ કરોડ એડવાન્સ માગી રહ્યા હોવાનું દિગાંગનાએ કહ્યું હતું. આ રકમ મળ્યા પછી મનીષ હરિશંકર 'શો સ્ટોપર'ના પ્રેઝન્ટર તરીકે અક્ષય કુમારના નામનો ઉપયોગ કરી શકશે તેવી ખાતરી દિગાંગનાએ આપી હતી.





# કાર્તિકને સોપારી-પાન મસાલાની જાહેર ખબરો કરવાનું પસંદ નથી



કાર્તિક આર્યને છેલ્લા ૧૫ વર્ષમાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણી લોકપ્રિયતા હાંસલ કરી છે. આ લોકપ્રિયતા સાથે તે ઘણી જાણીતી બ્રાન્ડનો ચહેરો પણ બની ગયો છે. જોકે, કાર્તિક જાહેરખબરો વિશે પોતાના સિદ્ધાંતો બાબતે પહેલાંથી જ ઘણો સ્પષ્ટ રહ્યો છે. તાજેતરમાં તેના એક ઈન્ટર્વ્યુમાં તેણે ફરી ફેરનેસ ક્રીમ અને પાનમસાલાની બ્રાન્ડ વિશેના પોતાના સૈદ્ધાંતિક વાંધા વિશે ખુલીને વાત કરી હતી. કાર્તિકે કહ્યું હતું કે તેણે આ પ્રકારની સોપારી સહિતની જાહેર ખબરો કરવાનો ઈનકાર કરી દીધો છે, કારણ કે તે માને છે કે આવા ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું એ ખોટું છે. તે તેની પોતાના ફૅન્સ માટે હકારાત્મક ઉદાહરણો પૂરાં પાડવાની જવાબદારી દર્શાવે છે. કાર્તિકે એક ફેરનેસ ક્રીમ બ્રાન્ડ સાથે ટૂંક સમય માટે કામ કર્યા બાદ કોન્ટ્રાક્ટ રીન્યુ નહીં કરવાની ઘટના યાદ કરતાં કહ્યું,''મેં બહુ લાંબા ટાઈમ પહેલાં એક ફેસ ક્રીમની એડ કરી હતી, પણ પછી મેં તે અટકાવી દીધી. મારું મન માનતું નહોતું. મેં એ રીન્યુ કર્યું નહીં કારણ કે મને લાગતું હતું કે આ યોગ્ય નથી. મને આવી કેટલીક બ્રાન્ડની ઓફર આવી છે, પણ હું ના પાડું છું, જેમકે, પાન મસાલા અને સોપારીની બ્રાન્ડ. હું આવી વસ્તુઓ સાથે કનેક્ટ કરી શકતો નથી. તેથી હું આવી બાબતોને બને તેટલી ટાળવાની કોશિષ કરું છું. હું ન કહી શકું કોણ સાચું અને કોણ ખોટું કારણ કે દરેકના પોતાના વિચાર હોય છે, પણ એ મારા સિદ્ધાંતો સાથે મેળ ખાતું નથી.'' હવે કાર્તિક કબીર ખાન દ્વારા ડિરેક્ટ કરેલી બાયોપિક'ચંદુ ચેમ્પિયન'માં જોવા મળશે, જેમાં તે ભારતનાં ભૂતપૂર્વ પેરાલિમ્પિક ગોલ્ડ વિજેતા મુરલીકાંત પેટકરની ભૂમિકા કરતો જોવા મળશે. એક રમતવીરની બાયોપિક માટે કાર્તિકે જબરદસ્ત મહેનત કરી છે. આ ફિલ્મમાં ભુવન અરોરા, યશપાલ શર્મા, વિજય રાઝ, અનિરુદ્ધ દવે અને પલક લાલવાણી જેવા કલાકારો મહત્વની ભૂમિકામાં જોવા મળશે. 'ચંદુ ચેમ્પિયન' લંડન, વાઈ અને જમ્મુ કશ્મીરમાં શૂટ થઈ છે. આ ફિલ્મ ૧૪ જૂને રિલીઝ થશે. આ ઉપરાંત કાર્તિક અનીઝ બાઝમીની 'ભૂલ ભૂલૈયા ૩'માં તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન સાથે હોરર કોમેડીની જમાવટ કરતો જોવા મળશે.

# શત્રુઘન સિંહા ખામોશ નહીં, ખુશઃ ૨૩ જૂને લગ્ન

બોલિવૂડ એક્ટ્રેસ સોનાક્ષી સિન્હા બોલિવૂડ એક્ટર ઝહીર ઈકબાલ સાથે ૨૩ જૂને મુંબઈમાં લગ્ન કરવા જઈ રહી છે. ઘણા લાંબા સમયથી આ સમાચારની તેમના ફૅન્સ રાહ જોઈ રહ્યા હતા. આ અંગેનો સંકેત સોનાક્ષીએ કપિલ શર્માના શોમાં તેની લગ્ન કરવાની ઉતાવળ જાહેર કરીને પણ આપી દીધો હતો. કેટલાંક અહેવાલો મુજબ આ લગ્નમાં ફક્ત તેમનાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રો જ હાજરી આપશે. આ સિવાય સોનાક્ષીની તાજેતરમાં રિલીઝ થયેલી વેબ સિરીઝ 'હીરામંડી'ની સ્ટારકાસ્ટને પણ આ લગ્નમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. શિલ્પા શેટ્ટીની હોટેલમાં આ ફંક્શનનું આયોજન કરવામાં આવ્યું છે. બાદમાં એક મોટું રિસેપ્શન રાખવામાં આવશે, જેમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકોને આમંત્રણ અપાશે. સોનાક્ષી અને ઝહીર છેલ્લા ૪-૫ વર્ષોથી એકબીજાને ડેટ કરતાં હતાં તેમજ તે બંને ઘણી પાર્ટીમાં સાથે ફરતાં જોવા મળતાં હતાં. સોશિયલ મીડિયા પર બંને હંમેશા એકબીજાને મિત્રો ગણાવતાં રહ્યાં હતાં. તાજેતરમાં જ સોનાક્ષીના જન્મદિવસ પર પણ ઝહીરે અભિનેત્રી સાથેના ઘણા ક્યૂટ ફોટા શેર કર્યા હતા. હજુ પણ તેમનાં બેમાંથી કોઈના પરિવારમાંથી આ લગ્ન વિશે હજુ કોઈ ખાતરી આપવામાં આવી નથી. સૂત્રોનાં જણાવ્યા અનુસાર સોનાક્ષીના લગ્નનું આમંત્રણ મેગેઝિનના કવરની જેમ તૈયાર કરવામાં આવશે. તેના પર લખવામાં આવશે - 'અફવાઓ સાચી છે...' લગ્નમાં આવનાર તમામ મહેમાનોને ઔપચારિક રીતે હાજર રહેવા વિનંતી કરવામાં આવી છે.





# 'ધ કેરાલા સ્ટોરી'ના ડિરેક્ટર સુદિપ્તો સેન સહારાના સુબ્રતો રોયની બાયોપિક બનાવશે

**પ્રોડ્યુસર્સ દ્વારા જાહેરાત**

**આ ફિલ્મ માટે ઇન્ડસ્ટ્રીનાં ટોપનાં સુપરસ્ટાર્સના નામો લીડ રોલ માટે**

બિઝનેસ ટાયકૂન અને સહારાના માલિક સુબ્રતો રૉયના ૭૫મા જન્મ દિવસે ફિલ્મ પ્રોડ્યુસર્સ સંદીપ સિંઘ અને જંયતિલાલ ગડા 'ધ કેરાલા સ્ટોરી'ના ડિરેક્ટર સુદિપ્તો સેને સોમવારે એક મહત્વની જાહેરાત કરી છે. તેઓ 'સહારાશ્રી' પર એક ખૂબ મહત્વાકાંક્ષી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે, જે સહારા ઈન્ડિયા પરિવાર પરની એક બાયોપિક હશે. આ ફિલ્મમાં સુબ્રતો રોયની એક સામાન્ય અને કોઈ ન જાણતા હોય એવા વ્યક્તિથી લઈને ભારતનાં એક સૌથી શક્તિશાળી અને પ્રભાવશાળી વ્યક્તિ બનવા સુધીની સફર દર્શાવાશે. આમ આ ફિલ્મમાં નીચેથી ઉપર ઉઠવાની એક સફળગાથા રસપ્રદ રીતે રજૂ કરવામાં આવશે. પ્રોડ્યુસર્સ દ્વારા કરવામાં આવેલી ઓફિશીયલ જાહેરાત મુજબ આ ફિલ્મ માટે ઈન્ડસ્ટ્રીનાં ટોપનાં સુપરસ્ટાર્સના નામો લીડ રોલ માટે વિચારાઈ રહ્યા છે, જોકે હજુ કોઈ નામની અધિકૃત જાહેરાત થઈ નથી. આ ફિલ્મ રિશિ વિરમાણી સુદિપ્તો સેન અને સંદિપ સિંઘ દ્વારા લખવામાં આવશે તેમજ એ.આર. રહેમાન દ્વારા તેનું સંગીત આપવામાં આવશે અને લિરિક્સ ગુલઝાર દ્વારા લખવામાં આવશે. આ ફિલ્મનું શૂટ આવતા વર્ષની શરૂઆતમાં કરવામાં આવશે. તે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, કોલકત્તા અને લંડનમાં શૂટ થશે. 'સહારાશ્રી' ફિલ્મમાં ગજબનો સિનેમેટિક અનુભવ, સુબ્રતો રોયના જીવનની ઝલક, તેમનો સંઘર્ષ, તેમની સફળતાઓ અને જુસ્સો જેણે તેમને બિઝનેસની દુનિયાના ગેમ ચેન્જર બનાવ્યા તે દર્શાવાશે. આ ફિલ્મ હિન્દી, બંગાળી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમમાં રિલીઝ કરવામાં આવશે.








### ટીવી અને રેડિયો માટે ખૂબ જાણીતું નામ હતું

# ટીવી પ્રેઝેન્ટર માઈકલ મોઝલીનું નિધન

**સાયન્સ ડોક્યુમેન્ટરી 'ધ હ્યુમન ફેસ' માટે તેઓ ૨૦૨૨માં એમી એવોર્ડ્ઝ માટે નોમિનેટ થયા હતા**

બ્રિટિશ ટીવીનો ખૂબ જાણીતો ચહેરો એવા જાણીતા ટીવી પ્રેઝેન્ટર અને એક ડોક્ટર એવા માઈકલ મોઝલીનું બૉડી રવિવારે ગ્રીક આઈલેન્ડમાંથી મૃત અવસ્થામાં મળી આવ્યું હતું. તેઓ બુધવારે વૉકિંગમાં જવા નીકળ્યા પછીથી ગાયબ હતા અને તેમના માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હતું. તેમના પત્નીએ એક નિવેદનમાં કહ્યું હતું, બીબીસીની સાયન્સ ડોક્યુમેન્ટરી 'ધ હ્યુમન ફેસ' માટે તેઓ ૨૦૨૨માં એમી એવોર્ડ્ઝ માટે નોમિનેટ થયા હતા ''માઈકલ એક એડવેન્ચરસ માણસ હતો, તેથી જ તે બીજાથી ખાસ હતો. તેણે ભૂલથી ટ્રેકિંગ માટે ખોટો રસ્તો લઈ લીધો અને ત્યાંથી તે પડી ગયો.'' મોઝલીના એટોપ્સી રિપોર્ટ મુજબ બુધવારે બપોરે જ તેનું નિધન થઈ ચૂક્યું હતું. એક પત્થરની શીલા નીચેથી તેમનું બોડી મળી આવ્યું હતું. જે ઉપરથી નીચે પડીને મૃત્યુ થયું હોવાનું દર્શાવતું હતું. તેના હાથમાં એક લેધર બેગ હતી. ૬૭ વર્ષના મોઝલી બ્રિટનના ટીવી અને રેડિયો માટે ખૂબ જાણીતું નામ હતું. અખબારોમાં તેમની નિયમિત કોલમ છપાતી હતી. બીબીસીની સાયન્સ ડોક્યુમેન્ટરી 'ધ હ્યુમન ફેસ' માટે તેઓ ૨૦૨૨માં એમી એવોર્ડ્ઝ માટે નોમિનેટ થયા હતા. તેમાં એલિઝાબેથ હર્લી અને પીઅર્સ બ્રોસનન તેમજ ડિવેડ એટનબરોએ કામ કર્યું હતું. બ્રિટનની બહાર તેઓ પોતાના પુસ્તક 'ધ ફાસ્ટ ડાયેટ' માટે ખુબ જાણીતા હતા. આ પુસ્તક એવા લોકો માટે હેલ્ફફુલ હતું, જેઓ ભોજનમાં કેલેરીનું પ્રમાણ ઘટાડીને બે દિવસથી એક અઠવાડીયામાં જ આરોગ્યપ્રદ રીતે વજન ઘટાડી શકે છે. ત્યાર બાદ તેમણે રૅપિડ વેઈટ લોસ પ્રોગ્રામ પણ શરૂ કર્યો હતો તેમજ તેના આધારે ડાયેટ અને કસરત માટેની ફિલ્મો પણ બનાવી હતી. તેમની પત્ની પણ એક ડોક્ટર, લેખક અને કોલમિસ્ટ છે.



### ૧૨ વર્ષે ગજનીના ડિરેક્ટર સાથે હાથ મિલાવ્યા

# સાઉથની ઇન્ડસ્ટ્રીમાં ફરી ધૂમ મચાવશે વિદ્યુત

બોલિવૂડ અને સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રી વચ્ચે વધતો તાલમેલ સમગ્ર ઈન્ડિયન સિનેમામાં મોટું પરિવર્તન લાવી રહ્યો છે. આ પરિવર્તનની અસર બોક્સ ઓફિસ પર પણ દેખાવા લાગી છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં ઘણા બોલિવૂડના કલાકારો સાઉથની ફિલ્મોમાં કામ કરી ચૂક્યા છે તો સાઉથના કલાકારો પણ બોલિવૂડ તરફ આવી રહ્યાં છે. હવે વધુ એક બોલિવૂડ એક્ટર ૧૨ વર્ષે સાઉથની ફિલ્મમાં કામ કરશે. ઘણી ફિલ્મોમાં પોતાના સ્ટંટ અને જહરદસ્ત એક્શનથી બધાને ઈમ્પ્રેસ કરી ચૂકેલો એક્ટર વિદ્યુત જામવાલ હવે સાઉથની ફિલ્મોમાં પણ ધૂમ મચાવવા તૈયાર છે. વિદ્યુતે ૨૦૧૨માં આવેલી વિજયની સાઉથ ફિલ્મ 'થુપક્કી'માં વિલનનની ભૂમિકા નીભાવી હતી. હવે વિદ્યુતે 'ગજની' જેવી ફિલ્મ બનાવનાર ડિરેક્ટર એ. આર. મુર્ગાદોસ સાથે હાથ મિલાવ્યા છે. આ ફિલ્મનું પ્રોડક્શન સિવાકાર્તિકેયન કરશે. ફિલ્મના મેકર્સ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. ફિલ્મના મેકર્સ દ્વારા સૉશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરવામાં આવી હતી, જેમાં લખ્યું હતું, ''અમે એવા વિલનનને લઈને વી રહ્યા છીએ જેણે દરેક વ્યક્તિને ભયભીત કરી મુકી હતી. આ ફિલ્મમાં વિદ્યુત જામવાલનું સ્વાગત કરીએ છીએ.'' આ પોસ્ટ શેર થતાં જ લોકોના રિએક્શન્સ આવવાના શરૂ થઈ ગયા હતા. એક વ્યક્તિએ લખ્યું હતું, 'આશા છે કે કૉલિવૂડમાં વધુ એક દમદાર વિલન આવી રહ્યો છે.' તો બીજાએ લખ્યું, 'સિવા વર્સીસ વિદ્યુત. આ એક મોટી ફિલ્મ સાબિત થશે.' તો બીજી એક વ્યક્તિએ લખ્યું કે, 'થુપક્કી પછી વધુ એક મુર્ગાદોસ ફિલ્મ. આ વિદ્યુતની ઘણી સારી સીઝન છે.' વર્ષ ૨૦૧૨માં વિજયની ફિલ્મ 'થુપક્કી'માં વિદ્યુત જામવાલે નકારાત્મક ભૂમિકા કરી હતી. જેણે પણ આ ફિલ્મ જોઈ તેણે વિદ્યુતના વખાણ કર્યા હતા. તેથી હવે ફરી બધા વિદ્યુતના પાત્રને લઈને ઉત્સુક છે.સાથે જ એક્ટર સિવાકાર્તિકેયનની લોકપ્રિયતા પણ સાઉથમાં ઘણી છે.




# સુપરસ્ટારની મર્ડર કેસમાં ધરપકડ કરી

**રેણુકાસ્વામીનો મૃતદેહ ૯ જૂનના રોજ કામક્ષીપાલ્યા પાસે એક નાળામાં પડેલો મળ્યો**

અનેક હિટ ફિલ્મો આપનાર કન્નડ અભિનેતા દર્શનની પોલીસે ધરપકડ કરી છે. દર્શન પર અન્ય ૯ લોકો સાથે હત્યામાં સામેલ હોવાનો આરોપ છે. પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. જેની હત્યાનો મામલો સામે આવ્યો છે તે વ્યક્તિ મેડિકલ શોપમાં આસિસ્ટન્ટ હતો અને તેના તાજેતરમાં જ લગ્ન થયા હતા. કન્નડ અભિનેતા દર્શનની પોલીસે હત્યાના કેસમાં ધરપકડ કરી છે. મૈસૂર પોલીસે અભિનેતાની મૈસૂરમાં તેના ફાર્મ હાઉસમાંથી ધરપકડ કરી છે અને હવે તેને બેંગલુરુ લઈ જઈ રહી છે. આ કેસ તેની સામે ૯ જૂને નોંધવામાં આવ્યો હતો અને હવે પોલીસે તેની ધરપકડ કરી લીધી છે. તેની સામે આરોપ છે કે તે સતત આરોપીના સંપર્કમાં હતો. આ કેસ ચિત્રદુર્ગના રેણુકાસ્વામી નામના વ્યક્તિની હત્યા સાથે સંબંધિત છે. અહેવાલો અનુસાર, રેણુકાસ્વામીનો મૃતદેહ ૯ જૂનના રોજ કામક્ષીપાલ્યા પાસે એક નાળામાં પડેલો મળ્યો હતો. એવું માનવામાં આવે છે કે ૮ જૂને આ વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. આ સમાચારથી વ્યક્તિનો પરિવાર પણ દુખી છે અને તેણે તેના પરિવારને પોલીસ સ્ટેશન પણ બોલાવ્યા છે. રેણુકાસ્વામી વિશે વાત કરીએ તો તેઓ મેડિકલ શોપમાં આસિસ્ટન્ટ હતા અને તાજેતરમાં જ તેમના લગ્ન થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, વ્યક્તિનું સૌથી પહેલા ચિત્રદુર્ગથી અપહરણ કરવામાં આવ્યું હતું અને શહેરના પશ્ચિમ વિસ્તારમાં લઈ જઈને તેની હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે ગટરમાંથી વ્યક્તિનો મૃતદેહ બહાર કાઢ્યો હતો અને શરીર પર ઈજાના અનેક નિશાન પણ મળ્યા હતા. આ પછી જ પોલીસ એવા તારણ પર આવી કે આ હત્યાનો મામલો છે. મામલાની નોંધ લેતા પોલીસ કમિશનરે કહ્યું- 'કન્નડ અભિનેતા અને અન્ય સહયોગીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. હાલ તપાસ ચાલી રહી છે, તેથી મામલાની વધુ માહિતી આપી શકાય તેમ નથી. દર્શન વિશે વાત કરીએ તો, તે એક વરિષ્ઠ અભિનેતા છે અને કન્નડ ફિલ્મ ઉદ્યોગના અગ્રણી ચહેરાઓમાંથી એક છે. તે ૪૭ વર્ષનો છે અને તેણે વર્ષ ૧૯૯૭માં ફિલ્મ મહાભારતથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી.



**કન્નડ અભિનેતા દર્શનની પોલીસે હત્યાના કેસમાં ધરપકડ કરી છે, મૈસૂર પોલીસે અભિનેતાની મૈસૂરમાં તેના ફાર્મ હાઉસમાંથી ધરપકડ કરી છે**

### ગાય આધારિત ખાતરના પ્રયોગથી ૬ એકર જમીનમાં લહેરાતી પ્રાકૃતિક ખેતપેદાશો

# રસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓની બાદબાકી તેમજ સ્વાસ્થ્ય અને આરોગ્યનો સરવાળો એટલે પ્રાકૃતિક ખેતી



। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ખેડૂત શ્રી મનુભાઈ પરમાર અને તેમના પુત્ર શ્રી દર્શનભાઈ ખેતીમાં પ્રયોગ કરવા ઉત્સાહી છે. ૬ એકરમાં ફેલાયેલા તેમના ખેતરમાં તેઓ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરે છે. ગૌમૂત્ર, છાણ, વગેરેનો ઉપયોગ કરી પ્રાકૃતિક ખાતરના પ્રયોગથી પ્રાકૃતિક એટલે કે વિવિધ જાતની ઓર્ગેનિક પેદાશોનું ઉત્પાદન કરે છે.

નવાઈ લાગે એવી વાત એ છે કે, પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો તેમનો મૂળ હેતુ તેમના કુટુંબના સ્વાસ્થ્યની દેખભાળ રાખવાનો હતો. નફો કે ખોટ અંગે વિચાર્યા વગર, સારા સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે વર્ષ ૨૦૧૯થી દર્શનભાઈ અને તેમના પિતા મનુભાઈ તેમના ખેતરમાં પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કરે છે. કુટુંબ માટે કરેલી પ્રાકૃતિક ખેતીની પહેલ તેમને ખૂબ ફળી. કુટુંબથી આગળ જઈને પ્રાકૃતિક ખેતીને વ્યવસાય રીતે લેવાનો તેમણે વિચાર કર્યો.

પ્રાકૃતિક ખેતી કરવા પાછળનું મૂળ કારણ જણાવતા તેઓ કહે છે કે, સામાન્ય ખેતીમાં જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરનો ઉપયોગ થાય છે, જે માણસના શરીર માટે ખૂબ હાનિકારક હોય છે. આ પ્રકારની હાનિકારક ખેતી કરીને કુટુંબ અને સમાજના લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ના કરવા જોઈએ અને પ્રાકૃતિક કે ઓર્ગેનિક ખેતી તરફ વળવું જોઈએ. પ્રાકૃતિક ખેતી કરવાનો નિર્ણયમાં દર્શનભાઈ અને તેમના પિતા મનુભાઈ બંને મળીને ગાય આધારિત ખેતી કરે છે. આ પ્રકારની ખેતીમાં તેઓ જીવામૃત અને ઘનજીવા મૃત ખાતરનો ઉપયોગ કરે છે. આ પ્રકારનું પ્રાકૃતિક, રસાયણો વગરનું ખાતર બનાવવા માટે તેઓ છાણ, ગૌમૂત્ર, ચણાનો લોટ અને દેશી ગોળનો પ્રયોગ કરે છે. ૩થી ૪ દિવસમાં તૈયાર થતા આ ખાતરનો ૧૦૦ કિલોનો જથ્થો એકસાથે તૈયાર કરી તેનો પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગ કરવામાં આવે છે. સરકાર દ્વારા Farmer Producer Organisation (FPO) ચલાવવામાં આવે છે. દર્શનભાઈ અને મનુભાઈ આ સંસ્થા સાથે જોડાયેલા છે. FPO દ્વારા તેઓ તેમના ખેતરમાં થયેલ પ્રાકૃતિક પેદાશોનું વેચાણ કરે છે. દર્શનભાઈના ૬ એકરમાં ફેલાયેલા તેમના ખેતરમાં તેઓ ૫ એકરમાં ઘઉં, બાજરી, જુવાર અને હળદર જેવા પાકનું ઉત્પાદન કરે છે; જ્યારે બાકીના ૧ એકરમાં બાગાયતી ખેતી કરી વિવિધ જાતના ફળો અને શાકભાજી જેવા કે, દાડમ, સીતાફળ, સરગવો, પપૈયા અન્ય સિઝનલ શાકભાજીનું ઉત્પાદન કરે છે. પ્રાકૃતિક ખેતી કરતા આ બાપ દીકરાની જોડી લોકોને ગાય આધારિત ખેતી તરફ વળવાનું પ્રોત્સાહન આપે છે. આ પ્રકારની ખેતીમાં નફો તો છે જ, પરંતુ લોકોની વિશ્વસનીયતામાં પણ વધારો કરે છે. આરોગ્ય માટે સૌથી સારી પ્રાકૃતિક ખેતી કરતા દર્શનભાઈ અને મનુભાઈ આપણા માટે પ્રાકૃતિક પેદાશો તરફ વળવાનો પ્રેરણસ્રોત બન્યા છે.

## નીતિન ગડકરીએ કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીનો કાર્યભાર સંભાળ્યો





। નવી દિલ્હી, તા.૧૨ ।

શ્રી નીતિન ગડકરીએ નવી દિલ્હીમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીનો હોદ્દો સંભાળ્યો હતો. શ્રી અજય ટમ્ટા અને શ્રી હર્ષ મલ્હોત્રાએ પણ રાજ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. શ્રી ગડકરીએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનો મોદી ૩.૦માં આ ભૂમિકાને પુનઃનિયુક્ત કરવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, મોદીજીના દીર્ઘદૃષ્ટા નેતૃત્વમાં ભારત ઝડપથી વિશ્વસ્તરીય, આધુનિક માળખાગત સુવિધાઓથી સજ્જ હશે. MoRTHના સચિવ શ્રી અનુરાગ જૈન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ પરિવહન ભવન પરિસરમાં કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરી અને રાજ્ય મંત્રીઓ શ્રી અજય ટમ્ટા અને શ્રી હર્ષ મલ્હોત્રાનું સ્વાગત કર્યું હતું.

# નિર્મલા સીતારમણે નાણાં અને કોર્પોરેટ બાબતોના કેન્દ્રીય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો

### કેન્દ્રીય નાણામંત્રીએ જણાવ્યું સરકાર પોતાના નાગરિકો માટે 'ઇઝ ઓફ લિવિંગ' સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને આ દિશામાં આગળ પગલાં લેવાનું યથાવત રાખશે



। નવી દિલ્હી, તા.૧૨ ।

શ્રીમતી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના પ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો. શ્રીમતી સીતારમણે નોર્થ બ્લોક સ્થિત કાર્યાલયમાં નાણા સચિવ ડૉ. ટી.વી. સોમનાથન અને નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના અન્ય સચિવો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી અને કહ્યું, પીએમએ કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી તરીકે ફરીથી કામ કરવાની અને તેમના માર્ગદર્શન હેઠળ ભારત અને તેના લોકોની સેવા કરવાની તક આપી તે બદલ તેમનો આભાર.

શ્રીમતી સીતારમણે છેલ્લા ૧૦ વર્ષોમાં મજબૂત નેતૃત્વ અને વિકાસલક્ષી શાસનની પ્રશંસા કરી, જેણે વિવિધ ક્ષેત્રોમાં પરિવર્તનકારી ફેરફારો કર્યા અને એક મજબૂત અને સ્થિતિસ્થાપક અર્થવ્યવસ્થાનું નિર્માણ કર્યું છે. કાર્યભાર સંભાળ્યા બાદ, નાણાં અને કોર્પોરેટ બાબતોના કેન્દ્રીય પ્રધાનને નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના વિવિધ વિભાગોના સચિવો દ્વારા ચાલુ નીતિ વિષયક મુદ્દાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. તેમણે નોંધ્યું હતું કે સરકાર પોતાના નાગરિકો માટે 'ઇઝ ઓફ લિવિંગ' સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને આ સંદર્ભે આગળના પગલાં લેવાનું યથાવત રાખશે.

શ્રીમતી નિર્મલા સીતારમણે એમ પણ જણાવ્યું હતું કે ૨૦૧૪થી કરવામાં આવેલા સુધારાઓ યથાવત રહેશે, જેનાથી ભારતને વ્યાપક આર્થિક સ્થિરતા અને વિકાસ મળશે. તેમણે વૈશ્વિક પડકારો વચ્ચે તાજેતરના વર્ષોમાં ભારતની પ્રશંસનીય વૃદ્ધિની વાત પણ પ્રકાશિત કરી અને નોંધ્યું કે આગામી વર્ષો માટે આર્થિક દૃષ્ટિકોણ આશાવાદી છે. તેમણે વિભાગોને એનડીએ સરકારના વિકાસના એજન્ડાને નવેસરથી જોરશોરથી આગળ વધારવા અને પ્રધાનમંત્રીના 'વિકસિત ભારત'ના વિઝનને હાંસલ કરવા માટે પ્રતિભાવશીલ નીતિનિર્માણ સુનિશ્ચિત કરવાનો આગ્રહ કર્યો. કેન્દ્રીય નાણાંમંત્રીએ એમ પણ કહ્યું કે સરકાર 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ'માં વિશ્વાસ રાખે છે અને મજબૂત અને ગતિશીલ અર્થતંત્ર સુનિશ્ચિત કરવા માટે ઉદ્યોગ જગતના નેતાઓ, નિયમનકારો અને નાગરિકો સહિત તમામ હિતધારકોને સતત સમર્થન અને સહકાર માટે હાકલ કરી હતી.

### સ્પીડબોટ લઈને તાઈપેઈ નજીક પહોંચ્યા

# ચીની નેવીના પૂર્વ અધિકારી તાઈવાનમાં ઘૂસણખોરી

। નવી દિલ્હી, તા.૧૨ ।

ચીન દાવો કરે છે કે તાઈવાન તેનો ભાગ છે. બેઈજિંગ તાઈવાનને બળવાખોર પ્રાંત ગણાવે છે અને તેને તેની મુખ્ય ભૂમિ સાથે જોડવાની હાકલ કરે છે, પછી ભલે તેનો અર્થ બળ દ્વારા કરવામાં આવે. તે જ સમયે, તાઈવાન પોતાને એક સ્વતંત્ર રાષ્ટ્ર માને છે અને ચીનને એક વિસ્તરણવાદી કહે છે જે તેના પર કબજો કરવા માંગે છે. ચીની નૌકાદળના ભૂતપૂર્વ અધિકારીએ રવિવારે તાઈવાનની પ્રાદેશિક જળસીમામાં ઘૂસણખોરી કરી હતી. તે પોતાની સ્પીડબોટને સીધી રાજધાની તાઈપેઈની બહારના થાંભલા પર લઈ ગયો. તાઈવાનના ટોચના રાજકારણીઓએ ચીન સાથેના વારંવારના તણાવ અને ઉચ્ચ સુરક્ષા પગલાં વચ્ચે તેમના પ્રદેશમાં ચાઈનીઝ માણસની ઘૂસણખોરીની આકરી ટીકા કરી છે. તાઈવાનમાં પ્રવેશવાનો પ્રયાસ કરનાર ભૂતપૂર્વ ચીની નૌકાદળ અધિકારીએ પોતાનું નામ રુઆન હોવાનું જણાવ્યું હતું.તાઈવાન કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે શંકાસ્પદ ચીની નાગરિકે તાઈપેઈ નજીક તામસુઈ નદીમાં પ્રવેશ્યા પછી તેની સ્પીડબોટ સાથે એક બોટને ટક્કર મારી હતી. રુઆને જણાવ્યું કે તેણે એક દિવસ પહેલા જ ચીનના ફુઝોઉથી તાઈવાનની યાત્રા શરૂ કરી હતી. તાઈવાન કોસ્ટ ગાર્ડને તેની સ્પીડબોટમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુઓ મળી ન હતી. તાઈવાન કોસ્ટ ગાર્ડના જણાવ્યા અનુસાર, વ્યક્તિએ કહ્યું કે તેને 'અયોગ્ય નિવેદનો આપવા' માટે ચીની અધિકારીઓ દ્વારા ત્રાસ આપવામાં આવ્યો હતો અને તે તાઈવાન ભાગી જવા માંગતો હતો.તેના પર ઈમિગ્રેશન એક્ટના ઉલ્લંઘન સહિત તાઈવાનના વિવિધ કાયદાઓનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તાઈવાનના સંરક્ષણ પ્રધાન વેલિંગ્ટન કુએ મંગળવારે કહ્યું હતું કે સ્પીડબોટ દ્વારા આપણા ક્ષેત્રમાં ઘૂસણખોરી કરવા પાછળ ચીનની કોઈ રણનીતિ હોઈ શકે છે તેવી શક્યતાને નકારી શકાય નહીં. તાઈપેઈના મેયર હાઉ યુ-ચીએ તેને ગંભીર સુરક્ષા ભંગ ગણાવ્યો હતો, ખાસ કરીને તે ધ્યાનમાં લેતા કે જ્યાં સ્પીડબોટ ઘૂસણખોરી કરી હતી તે થાંભલા તાઈપેઈના ડાઉનટાઉનથી ૧૦ મિનિટની ચાલથી પણ ઓછી હતી. તેમણે કહ્યું, 'રાષ્ટ્રીય સીમા સુરક્ષામાં કોઈ ક્ષતિ સહન કરી શકાય નહીં. આ ઘટના સૂચવે છે કે કોસ્ટ ગાર્ડ અને પ્રથમ લાઈન સુરક્ષા રિપોર્ટિંગ મિકેનિઝમ્સ અસરકારક રીતે સંચાલિત ન હતા. તમને જણાવી દઈએ કે, ગયા મહિને ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી (DPP)ના સ્વતંત્રતા સમર્થક નેતા લાઈ ચિંગ-તે તાઈવાનમાં રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા હતા. આ પછી ચીને તાઈવાનની આસપાસ સૈન્ય કવાયત તેજ કરી છે જેમાં તેની સેના, નેવી, એરફોર્સ અને રોકેટ ફોર્સ સામેલ છે.

## શ્રી વી. સોમન્નાએ જલ શક્તિ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો



। નવી દિલ્હી, તા.૧૨ ।

શ્રી વી. સોમન્નાએ આજે નવી દિલ્હીમાં જલ શક્તિ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો. ચાર્જ સંભાળ્યા બાદ પ્રધાને મંત્રાલયની જવાબદારી સાથે તેમના પર વિશ્વાસ કરવા બદલ પ્રધાનમંત્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને જણાવ્યું કે, "છેલ્લા ૧૦ વર્ષોમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ગતિશીલ નેતૃત્વ હેઠળ નોંધપાત્ર વિકાસ થયો છે". મંત્રીશ્રીએ સરકારના ત્રીજા કાર્યકાળમાં વિકાસની ગતિ યથાવત રાખવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે મીડિયાને સંબોધતા શ્રી સોમન્નાએ માહિતી આપી હતી કે, જલ જીવન મિશન હેઠળ, છેલ્લા ૫ વર્ષમાં ૧૧ કરોડથી વધુ ગ્રામીણ પરિવારોને પાઈપ દ્વારા પાણી પુરવઠાની સુવિધા આપવામાં આવી છે અને હવે ૭૯%થી વધુ ગ્રામીણ પરિવારો પ્રતિ વ્યક્તિ દીઠ ૫૫ લિટર ગુણવત્તાયુક્ત પાણી મેળવી રહ્યા છે. મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ, ભારતના ૯૩%થી વધુ ગામડાઓને ખુલ્લામાં શૌચ મુક્ત (ઓડીએફ) પ્લસ બનાવવામાં આવ્યા છે, જ્યારે લગભગ ૩૩%એ ઓડીએફ પ્લસ મોડલ ગામની શ્રેણી પ્રાપ્ત કરી છે. તેમણે કહ્યું "આ સિદ્ધિના આધારે, અમે માર્ચ ૨૦૨૫ સુધીમાં તમામ ગામોને ઓડીએફ પ્લસ મોડલ શ્રેણીમાં લાવવાનો પ્રયત્ન કરીશું."

શ્રી સોમન્ના કર્ણાટકના તુમકુર સંસદિય ક્ષેત્રમાંથી પ્રથમ વખતના લોકસભા સાંસદ તરીકે ચુંટાયા છે, જેઓ આ પહેલા રાજ્ય સરકારમાં મંત્રી પદ સંભાળી ચુક્યા છે. અગાઉ, આજે સીજીઓ સંકુલ કાર્યાલયમાં તેમના આગમન પર જલ શક્તિ મંત્રાલયના સચિવ (પેય જળ અને સ્વચ્છતા) સુશ્રી વિની મહાજને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે તેમનું મંત્રાલયમાં સ્વાગત કર્યું.

# ઉનાળુ વેકેશન બાદ આજથી નવા શૈક્ષણીક સત્રનો શુભારંભ

। (પ્રતિનિધી) થરા, તા.૧૨ ।

રાજ્યની સરકારી,ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૩૫ દિવસના ઉનાળુ વેકેશન બાદ આજથી તા.૧૩/૦૬/૨૦૨૪થી કાળઝાળ ગરમી બફારામાં નવા શૈક્ષણીક સત્રનો શુભારંભ થઈ રહયો છે ત્યારે તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી શાળાઓનો સમય સરકારના નિયમોનુસાર સવારનો રહેશે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી કાયમી શિક્ષકોની ભરતી નહીં થતાં શિક્ષિત બેરોજગાર યુવાનો માનસિક રીતે હતાશા અનુભવી રહ્યા છે તો શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી નહી થતાં બાળકોના ભવિષ્ય માટે ખતરો છે. ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવેશ સમયે વાલીઓ પાસેથી નિયમ વિરૂદ્ધ તગડી ફી લેવામાં આવી રહી છે જેની સામે જિલ્લા પ્રાથમિક માધ્યમિક શિક્ષણાધિકારી અને તેમના નીચેના અધિકારીઓ મૌન બની તમાશો જોઈ રહ્યા છે અને વાલીઓ લૂંટાઈ રહયા છે. પાંથાવાડામાં એક જાગૃત વાલીએ લાંચ રૂશ્વત ખાતામાં ફરીયાદ કરી આવા તત્વોને રંગે હાથ પકડ્યા તો ગામમાં ખોટા હોબાળા ઊભા કર્યા. બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી સરકારી, ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ બસોથી ત્રણસો કિમી દૂરથી અપડાઉન કરે છે અને ઠેરઠેર ટ્યુશન ક્લાસની હાટડીઓ ખુલ્લેઆમ ચાલતી હોવા છતાં તંત્ર કોઈ રાજકોટ મોરબી સુરત વડોદરા જેવો અકસ્માત થાય તેની રાહ જોઈ રહી



હોય તેવું લાગે છે. દૂર દૂરથી અપડાઉન કરતા શિક્ષકો સામે પગલાં ભરવામાં તંત્ર લાચાર કેમ ?ચાલુ શાળાએ દૂરથી અપડાઊન કરતા કે સાઈડ બિઝનેસ કરતા શિક્ષકોની નોંધ લેવાશે ખરી ? ટ્યુશન ક્લાસમાં નિયમ વિરુદ્ધ વિધાર્થીઓ પાસેથી ફી લઈ ચલાવાય છે જેનાથી આચાર્યો, ટીપીઓ, બીટ કે નિ,

એડીઆઈ, ઈઆઈ કે જિલ્લા પ્રાથમિક માધ્યમિક શિક્ષણા ધિકારી અજાણ છે. સ્થાનિક નેતાઓ જાગૃત વાલીઓ કેમ ચૂપ ? કેટલાક વાલીઓ બળાપો વ્યક્ત કરતા કહે છે કે ભ્રષ્ટ અધિકારીઓ કર્મચારીઓને છાવરી રહયા છે ફરિયાદ કોઈ સાંભળતું નથી. ત્યારે રાજ્યના પ્રમાણિક અધિકારીઓ કર્મચારીઓ બાળકોના હિતમાં તપાસ કરશે કે પછી રાજકોટ મોરબી સુરત વડોદરા જેવા કાંડ પછી બધું ચૂપ અને નવી દુર્ઘટના બને તેની રાહ.. મોઘાં પુસ્તકો નોટબુકો ડ્રેસ કમ્પ્યુટર ફી સાથે નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું તેનો ઉત્સાહ વિદ્યાર્થીઓમાં જોવા મળશે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે। તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે. થોડીવાર માટે તમને લાગશે કે તમે એકલા છો-તમારા સહકર્મચારી-સાથી કદાચ તમારી મદદે આવશે-પણ તેઓ તમને વધુ મદદ કરી શકશે નહીં.



**સિંહ (મ,ટ) :**

આજે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું। બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારે વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કશુંક નવું ન કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. ઑફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ.



**મકર (ખ,જ) :**

આજે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. મિત્રો તથા સંબંધીઓ સાથે મજા માણજો. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. નાના અંતરાયો સાથે-આજનો દિવસ મોટી સિદ્ધિઓનો લાગે છે- એવા સહકર્મચારીઓ પર ધ્યાન આપજો જેમને જે જોઈએ છે તે નહીં મળે તો તેઓ પોતાની મુનસફી પ્રમાણે વર્તવાની ટેવ ધરાવતા હોય.

**ન્યૂઝ બ્રિફ**

## રશિયા-યુક્રેન સંઘર્ષમાં બે ભારતીય નાગરિકો માર્યા ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે રશિયન સેનામાં ભરતી થયેલા બે ભારતીય નાગરિકો યુક્રેન સંઘર્ષમાં માર્યા ગયા હતા. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું, 'મોસ્કોમાં ભારતીય દૂતાવાસે આ મામલો નવી દિલ્હીમાં રશિયન રાજદૂત અને મોસ્કોમાં રશિયન સત્તાવાળાઓ સાથે રશિયન સેનામાં ફરજ બજાવતા તમામ ભારતીય નાગરિકોની વહેલા મુક્તિ અને વાપસી માટે ભારપૂર્વક ઉઠાવ્યો છે.' વિદેશ મંત્રીના નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ભારતે રશિયન સેના દ્વારા તેના નાગરિકોની વધુ ભરતી રોકવાની પણ માંગ કરી છે.મંત્રાલયે ફરી એકવાર ભારતીય નાગરિકોને રશિયામાં રોજગારની તકો શોધતી વખતે સાવચેત રહેવા વિનંતી કરી છે. માર્ચમાં, વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને ચેતવણી આપી હતી કે તેઓ રશિયન લશ્કરી એકમોમાં જીવલેણ નોકરીઓ કરવાનું ટાળે. સાવચેતી રાખવાની આ સૂચના રશિયન આર્મીમાં સપોર્ટ સ્ટાફ તરીકે કામ કરતા બે ભારતીય નાગરિકોના મૃત્યુ બાદ આપવામાં આવી છે.

## હિઝબુલ્લાહના વધુ એક મોટા કમાન્ડરનું મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ઈઝરાયેલે દક્ષિણ લેબનોનના ઘણા વિસ્તારો પર હવાઈ હુમલા કર્યા. આ હવાઈ હુમલામાં હિઝબુલ્લાહનો એક વરિષ્ઠ કમાન્ડર માર્યો ગયો હતો. આ કમાન્ડરનું નામ સામી અબ્દુલ્લા ઉર્ફે અબુ તાલેબ છે. દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં હિઝબુલ્લાહનો એક વરિષ્ઠ કમાન્ડર માર્યો ગયો છે. ખુદ હિઝબુલ્લાહે આ વાતની પુષ્ટિ કરી છે. આ હુમલા દક્ષિણ લેબેનોનના જૌઈયા અને અબ્દુલ્લામાં કરવામાં આવ્યા હતા. આ હવાઈ હુમલામાં હિઝબુલ્લાહના એક વરિષ્ઠ કમાન્ડરનું મોત થયું છે. આ કમાન્ડરનું નામ સામી અબ્દુલ્લા ઉર્ફે અબુ તાલેબ છે, જેનો જન્મ ૧૯૬૯માં થયો હતો. લેબનીઝ સેના સાથે જોડાયેલા એક સૂત્રએ જણાવ્યું કે ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધની શરૂઆતથી જ સામીએ તેમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ દક્ષિણ લેબનોનમાં પ્રાદેશિક પ્રભારી હતા.તમને જણાવી દઈએ કે ગત વર્ષે ૭ ઓક્ટોબરે પેલેસ્ટાઈનના સશસ્ત્ર સંગઠન હમાસે ઈઝરાયેલ પર હુમલો કરીને ૧૨૦૦ લોકોની હત્યા કરી હતી, જ્યારે ગાઝામાં ૨૫૨ લોકોને બંધક બનાવ્યા હતા. આ પછી, હમાસે અડધાથી વધુ બંધકોને મુક્ત કર્યા છે, પરંતુ હજી પણ લગભગ ૧૨૪ ઈઝરાયેલ નાગરિકો તેની કેદમાં છે.

### જમ્મુમાં આતંકવાદીઓ પર જોરદાર હુમલો!

# રિયાસીના જંગલમાં સેનાનો ઘેરાવ, કઠુઆમાં આતંકી ઠાર, ડોડામાં પણ એન્કાઉન્ટર

### જમ્મુ-કાશ્મીરના છત્તરગલા, ડોડામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલા ગોળીબારમાં સેનાના પાંચ જવાન ઘાયલ થયા હોવાનું કહેવાય છે

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૧૨ ।

જમ્મુ-કાશ્મીરના રિયાસી અને કઠુઆ બાદ હવે આતંકીઓએ ડોડામાં પણ હુમલો કર્યો છે. ત્રણ દિવસમાં આ ત્રીજો હુમલો છે. આ વખતે આતંકીઓએ ડોડા જિલ્લામાં સેનાના કામચલાઉ ઓપરેટીંગ બેઝ પર ગોળીબાર કર્યો હતો.આ હુમલા બાદ ડોડાના છત્રકલામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલા ગોળીબારમાં સેનાના પાંચ જવાનો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. ઘાયલોમાં એક સ્પેશિયલ પોલીસ ઓફિસર (SPO)નો પણ સમાવેશ થાય છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કાશ્મીર ટાઈગર નામના આતંકી સંગઠને આ હુમલાની જવાબદારી લીધી છે. અધિકારીઓનું કહેવું છે કે બુધવારે સવારે લગભગ ૧.૪૫ વાગ્યે છત્રકલામાં સેના અને પોલીસના સંયુક્ત ઓપરેશનમાં આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. આ પહેલા જમ્મુના ADGP આનંદ જૈને કહ્યું હતું કે ગોળીબારમાં એક આતંકવાદી માર્યો ગયો છે અને એક નાગરિક ઘાયલ થયો છે, પરંતુ હવે વિસ્તાર ખતરાની બહાર છે. ઓપરેશન હજુ ચાલુ છે અને વરિષ્ઠ અધિકારીઓ સ્થળ પર છે.સ્થાનિક લોકોએ જણાવ્યું કે તેઓએ આતંકવાદીઓને જોયા છે. તેણે અમારી પાસે પાણી માંગ્યું. લોકો આખી રાત ડરી ગયા, જેના કારણે ગામમાં કોઈ સૂઈ શક્યું નહીં. અમે હજુ પણ ડરી ગયા છીએ.તમને જણાવી દઈએ કે ડોડામાં આ આતંકવાદી હુમલો કઠુઆ જિલ્લામાં એક ઘર પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યા પછી સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક આતંકવાદી માર્યા ગયાના થોડા કલાકો બાદ થયો હતો. આ પહેલા જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં પણ આતંકી હુમલો થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે અહીં કેટલાક આતંકવાદીઓએ હવામાં ફાયરિંગ કર્યું અને જંગલો તરફ ભાગી ગયા. આ અંગેની માહિતી મળતાં જ સુરક્ષાદળોની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને વિસ્તારને ચારે બાજુથી ઘેરી લીધો હતો. સુરક્ષાદળોની આ કાર્યવાહીમાં એક આતંકી માર્યો ગયો હતો.સૌથી પહેલા ૯ જૂને જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં આતંકીઓએ તીર્થયાત્રીઓની બસ પર હુમલો કર્યો હતો. આ હુમલો ૯ જૂને સાંજે ૬.૧૫ વાગ્યાની આસપાસ થયો હતો. ઓચિંતો છાપો મારીને બેઠેલા આતંકવાદીઓએ બસ પર ફાયરિંગ કર્યું હતું, જે બાદ બસ કાબૂ બહાર ગઈ હતી અને ઊંડી ખાઈમાં પડી ગઈ હતી. બસ પર હુમલો કરનાર આતંકવાદીઓ પહાડી વિસ્તારમાં છુપાયા હતા.આ હુમલાની જવાબદારી લશ્કર સાથે જોડાયેલા આતંકવાદી જૂથ TRFએ લીધી હતી. આ આતંકવાદીઓએ છેલ્લા એક મહિનામાં રાજૌરી અને પૂંચમાં અનેક હુમલા કર્યા છે.

### માતા અને પુત્રી અને પૌત્રી ત્રણેયના મોત થયાં

# ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમમાંથી ઝેરી ગેસથી ભરેલું શૌચાલય

### મુખ્યમંત્રી એન રંગસામીએ મૃતકોના પરિવારજનોને ૨૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી



। (એજન્સી)પુડુચેરી, તા.૧૨ ।

પુડુચેરીમાં એક દુઃખદ અકસ્માત થયો છે જ્યાં ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમમાંથી ઝેરી ગેસના કારણે એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા છે. પોલીસે જણાવ્યું કે મંગળવારે પુદુનગરમાં ૬૦ વર્ષીય મહિલા, તેની પુત્રી અને તેની પૌત્રીનું ઝેરી ગેસને કારણે મોત થયું હતું. આ ગેસ તેના ઘરના ટોયલેટમાં ભરાઈ ગયો હતો. ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમમાંથી ઝેરી ગેસ નીકળી રહ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ૬૦ વર્ષીય સેંથામરાઈ શૌચાલયમાં પ્રવેશતાની સાથે જ બેહોશ થઈ ગઈ હતી. તેમને જગાડવા દોડેલી તેમની પુત્રી કામચી પણ ગેસની ઝપેટમાં આવી ગઈ હતી. પોલીસે જણાવ્યું કે તેને બેભાન જોઈને સેંથામરાઈની પૌત્રી બાગ્યાલક્ષ્મી પણ શૌચાલયમાં પ્રવેશી હતી. પોલીસે જણાવ્યું કે પડોશીઓ તેને હોસ્પિટલ લઈ ગયા અને ડોક્ટરોએ કહ્યું કે તેનું મૃત્યુ ઝેરી ગેસને કારણે થયું છે. પોલીસ અને ફાયર સર્વિસના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને આસપાસના લોકોને ઘર ખાલી કરવા કહ્યું કારણ કે ગેસનો સ્રોત ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમ હતો.મુખ્યમંત્રી એન રંગસામીએ મૃતકોના પરિવારજનોને ૨૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી અને ઘટનાની તપાસના આદેશ આપ્યા હતા. તમને જણાવી દઈએ કે ગયા મહિને ઉત્તર પ્રદેશના ચંદૌલીના દીનદયાલ નગરમાં સેપ્ટિક ટાંકીની સફાઈ દરમિયાન એક મોટી દુર્ઘટના થઈ હતી. અહીં ઝેરી ગેસના કારણે ચાર લોકોના કરૂણ મોત થયા હતા. મૃતકોમાં મકાનમાલિકનો પુત્ર અને ત્રણ સફાઈ કામદારોનો સમાવેશ થાય છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કોઈક રીતે ચારેયને સેપ્ટિક ટાંકીમાંથી બહાર કાઢી હોસ્પિટલ લઈ ગઈ હતી. હોસ્પિટલમાં તબીબોએ ચારેયને મૃત જાહેર કર્યા હતા.

### બોમ્બે હાઇકોર્ટે PFI સભ્યોને જામીન આપવાનો ઇનકાર કર્યો

# 'ભારતને ઇસ્લામિક દેશમાં રૂપાંતરિત કરવાનું કાવતરું ઘડાયું...'

### બોમ્બે હાઈકોર્ટે મંગળવારે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના ત્રણ કથિત સભ્યોને જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કબોમ્બે હાઈકોર્ટે મંગળવારે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI)ના ત્રણ કથિત સભ્યોને જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો. કોર્ટે કહ્યું કે તેણે ૨૦૪૭ સુધીમાં ભારતને ઈસ્લામિક દેશમાં બદલવાનું કાવતરું ઘડ્યું હતું. જસ્ટિસ અજય ગડકરી અને જસ્ટિસ શ્યામ ચાંડકની ખંડપીઠે રઝી અહેમદ ખાન, ઉનૈસ ઓમર ખય્યામ પટેલ અને કયૂમ અબ્દુલ શેખની જામીન અરજી ફગાવી દીધી હતી. તેમના પર ૧૪ જૂન, ૨૦૨૨ ના રોજ માલેગાંવમાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના કાર્યાલયના ઉદ્ઘાટનમાં હાજરી આપવાનો અને પછી મુસ્લિમ સમુદાયના મુદ્દાઓ અને કોઈપણ માધ્યમ અપનાવીને દેશ વિરુદ્ધ યુદ્ધ કરવા માટે મુસ્લિમ સમુદાયની એકતાની જરૂરિયાતને ઉઠાવવાનો આરોપ છે. એવો આક્ષેપ કરાયો હતો. બેન્ચે પોતાના આદેશમાં કહ્યું હતું કે આરોપીઓએ ગુનાહિત બફનો ઉપયોગ કરીને સરકારને ડરાવવાનું કાવતરું ઘડ્યું હતું. કોર્ટે કહ્યું, "એફઆઈઆરમાં જ બધું સ્પષ્ટ છે. તેણે ૨૦૪૭ સુધીમાં ભારતને ઈસ્લામિક દેશ બનાવવાનું ષડયંત્ર રચ્યું હતું. તે માત્ર પ્રચારક જ નથી પરંતુ તેની સંસ્થાના વિઝન-૨૦૪૭ દસ્તાવેજને અમલમાં મૂકવાનો પણ ઈરાદો ધરાવે છે."કોર્ટે એમ પણ કહ્યું હતું કે આરોપીઓએ ગુનાહિત બળનો ઉપયોગ કરીને સરકારને ડરાવવા માટે સમાન વિચારધારાના લોકોને તેમની સાથે જોડાવા માટે ઉશ્કેર્યા હતા. એવા પૂરતા પુરાવા છે કે અપીલકર્તાઓએ અન્ય આરોપીઓ સાથે વ્યવસ્થિત રીતે એવી પ્રવૃત્તિઓ કરી છે જે રાષ્ટ્રના હિત અને અખંડિતતા માટે પ્રતિકૂળ છે.લગભગ દોઢ વર્ષથી જેલમાં રહેલા આરોપીઓની જામીન અરજી નાસિકની કોર્ટે ફગાવી દીધી હતી. આ પછી આરોપીઓએ તેમના વકીલો અશોક મુંદરગી, મિહિર દેસાઈ અને હસનૈન કાઝી મારફતે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.



ફરિયાદ પક્ષના કેસને જોયા પછી, બેંચને જાણવા મળ્યું કે આરોપીએ સોશિયલ મીડિયા ગ્રુપ પર 'વિઝન-૨૦૪૭' નામનો દસ્તાવેજ શેર કર્યો હતો. ખંડપીઠે કહ્યું, "વિઝન-૨૦૪૭ દસ્તાવેજ પર એક નજર દર્શાવે છે કે તે ભારતને ઈસ્લામિક દેશમાં ફેરવવાનું એક ભયાનક કાવતરું છે."તેના ૧૫ પાનાના આદેશમાં, બેન્ચે જણાવ્યું હતું કે ભારત સરકારને ડરાવવા અથવા તેની સામે યુદ્ધ કરવા માટેના પ્રયાસને આગળ વધારવા માટે અપીલકર્તાઓ દ્વારા આચરવામાં આવેલા ઘૃણાસ્પદ કૃત્યનું આ એક કાવતરું છે. ખંડપીઠે આરોપી વિરુદ્ધ પ્રાથમિક દૃષ્ટિએ પુરાવા મેળવ્યા હતા, જેમાં ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે આરોપીનો ઉદ્દેશ્ય અન્ય ધર્મો અને ભારત સરકાર પ્રત્યે નફરતને પ્રોત્સાહન આપવાનો અને ભારતીયોમાં ભાગલા પાડવાનો હતો, જેનાથી ભારતની એકતા અને અખંડિતતા માટે સમસ્યા ઊભી થાય છે. હા. આરોપ છે કે આરોપીઓએ મુસ્લિમ સમુદાયના લોકોના મનમાં નફરત પેદા કરવા અને તેમને ભારત સરકાર વિરુદ્ધ યુદ્ધ કરવા માટે ઉશ્કેરવા માટે વિવિધ સભાઓનું આયોજન કર્યું હતું.

### યુદ્ધ વચ્ચે દેશનું ભવિષ્ય અસ્તવ્યસ્ત છે

# રાષ્ટ્રપતિ ઝેલેન્સકીનો કાર્યકાળ પૂરો થયા બાદ પણ ચૂંટણી નથી થઈ રહી

### બે વર્ષથી વધુના યુદ્ધ પછી, હજુ પણ રશિયા સાથે શાંતિ સમજૂતી પર પહોંચવાની કોઈ શક્યતા નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વોલોડીમીર ઝેલેન્સ્કીએ યુક્રેનના રાષ્ટ્રપતિ તરીકે પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે. બે વર્ષથી વધુના યુદ્ધ પછી, હજુ પણ રશિયા સાથે શાંતિ સમજૂતી પર પહોંચવાની કોઈ શક્યતા નથી. કોમેડિયનમાંથી રાજકારણી બનેલા ઝેલેન્સકીએ ૨૦ મે, ૨૦૧૯ના રોજ દેશની સંસદમાં શપથ લીધા હતા.લગભગ ૭૩ ટકા મતોથી જીત્યા બાદ ઝેલેન્સકીએ કહ્યું હતું કે આપણે દરેક રાષ્ટ્રપતિ છીએ. આ ભાષણ ખૂબ જ પસંદ આવ્યું. પાંચ વર્ષ પછી તેમનો સત્તાવાર કાર્યકાળ સમાપ્ત થયો. આ હોવા છતાં, તેઓ હજુ પણ રાષ્ટ્રપતિ છે. યુદ્ધ વચ્ચે દેશનું ભાવિ અસ્તવ્યસ્ત છેદેશનો વિપક્ષ ચૂંટણી ઈચ્છે છે કારણ કે લડાઈ ગમે તેટલી લાંબી ચાલે તેમાં કોઈ વિશ્વાસ નથી. આવી સ્થિતિમાં યુદ્ધના માહોલ વચ્ચે દેશનું ભવિષ્ય અનિશ્ચિતતામાં ઘેરાયેલું જોવા મળી રહ્યું છે. રશિયાએ ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ મોટા પાયે આક્રમણ શરૂ કર્યું ત્યારથી, ઝેલેન્સકી આંતરરાષ્ટ્રીય મંચ પર એક જાણીતી વ્યક્તિ બની ગઈ છે, જેણે યુદ્ધમાં તેના દેશને બચાવવા માટે ટેકો અને વધુ શસ્ત્રોની માંગ કરી છે. રોયટર્સ સાથે વાત કરતા તેમણે કહ્યું કે માર્શલ લોના કારણે તેમણે પદ પર રહેવું પડશે. તેણે પોતે આ લશ્કરી કાયદો અમલમાં મૂક્યો. તમને જણાવી દઈએ કે જો આ કાયદો લાગુ ન થયો હોત તો યુક્રેનમાં માર્ચ ૨૦૨૪માં ચૂંટણી યોજાઈ હોત અને નવા રાષ્ટ્રપતિએ ૨૦ મેના રોજ શપથ લીધા હોત.માર્શલ લો એક્ટ એ એક કાયદો છે જે યુદ્ધ અથવા ગંભીર પરિસ્થિતિઓમાં લાદવામાં આવે છે, જ્યારે દેશમાં ગંભીર અસ્થિરતા હોય અથવા અન્ય દેશોને કારણે જોખમ હોય. માર્શલ લો દરમિયાન રાષ્ટ્રપતિ, સંસદીય અથવા સ્થાનિક ચૂંટણીઓ યોજી શકાતી નથી. આમાં થોડો વિરોધાભાસ જણાય છે. કલમ ૧૦૩ મુજબ દેશના રાષ્ટ્રપતિ પાંચ વર્ષ માટે ચૂંટાશે. કલમ ૧૦૮માં લખવામાં આવ્યું છે કે નવા દાવેદારની નિમણૂક ન થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિ સત્તામાં રહે છે.કિવમાં રાષ્ટ્રપતિને લઈને મૂંઝવણ છે. આ અંગે સ્પષ્ટતા મેળવવા માટે કિવ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયોલોજીએ એક મતદાન કર્યું હતું.

**વિશેષ**

### પિતાને ગળાનું કેન્સર થયું ત્યારબાદ પ્રાકૃતિક ખેતીના માર્ગે વળવા સંકલ્પબદ્ધ બન્યા મનહરસિંહ રાણા

# અમદાવાદના ધંધુકા તાલુકાના ફેદરા ગામના ખેડૂત મનહરસિંહ રાણાએ પ્રાકૃતિક ખેતી અપનાવી અન્ય ખેડૂતો માટે બન્યા પ્રેરણાસ્રોત







। (માહિતી) અમદાવાદ ।

આજે આપણે વાત કરીશું એક એવા ખેડૂતની કે જેમની પ્રાકૃતિક ખેતીની ગાથા વાંચી અન્ય ખેડૂતો પણ પ્રોત્સાહિત થઈ પ્રાકૃતિક ખેતીના માર્ગે વળી શકે. વાત છે, અમદાવાદના ધંધુકા તાલુકાના ફેદરા ગામના ખેડૂત મનહરસિંહ રાણાની કે જેઓ ફકત ૧૧ ચોપડી ભણેલા છે પણ પ્રાકૃતિક ખેતીમાં મેળવી છે અનેરી સિદ્ધિ. ખેડૂત મનહરસિંહ રાણાના પિતાને વર્ષ ૨૦૧૧માં ગળાનું કેન્સર થયું હતું. પિતાની પથારીવશ હાલત જોઈ દીકરા મનહરસિંહ રાણાએ રસાયણમુક્ત અને ઝેરમુક્ત ખેતીનો સંકલ્પ કર્યો અને વળ્યા પ્રાકૃતિક ખેતીના માર્ગે. આમ તો, ફેદરા વિસ્તાર ભાલ પંથકમાં આવે છે એટલે આ પંથકમાં પ્રાકૃતિક ખેતી કરવી થોડી અઘરી છે. પરંતુ ખેડૂત મનહરસિંહ રાણા પોતાના મક્કમ સંકલ્પ થકી પ્રાકૃતિક ખેતી દ્વારા બમણું ઉત્પાદન અને બમણી આવક મેળવવામાં સફળ રહ્યા છે. પ્રાકૃતિક ખેતી કરવાનો સંકલ્પ લઈ ચૂકેલા આ ખેડૂતે આત્મા સંસ્થા દ્વારા દેશના ચાર જેટલા રાજ્યો હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને દિલ્હી ખાતે તાલીમમાં ભાગ લઈ પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તૃત માહિતીઓ પ્રાપ્ત કરી જાણકાર બન્યા. ત્યારબાદ ખેડૂત મનહરસિંહ રાણાએ પોતાની ૩૦ વિઘા જેટલી જમીનમાં પ્રાકૃતિક પદ્ધતિથી ભાલિયા ઘઉંનું વાવેતર કર્યું. આશ્ચર્યની વાત એ છે કે, દર વર્ષે ઉત્પાદન બમણું થતું ગયું અને વાર્ષિક સરેરાશ ૩૫૦ જેટલા મણ ઘઉંનું ઉત્પાદન કરી બજાર કિંમત કરતાં પણ વધુ ભાવ મેળવવામાં સફળ રહ્યા. આ ઉપરાંત પ્રાકૃતિક રીતે ચણાનું પણ વાવેતર કરી ઉત્પાદન અને આવક બમણી મેળવી. પ્રાકૃતિક ખેતીમાં માસ્ટર બનેલા ખેડૂત મનહરસિંહ રાણાએ સમગ્ર ભાલ પંથકમાં સૌપ્રથમ વાર ધાણાનું ઉત્પાદન કરવાની શરૂઆત કરીને અશક્યને પણ શક્ય કરી સફળતા મેળવી. હાલ, વિસ્તારમાં તેમની પ્રાકૃતિક ખેતીની પદ્ધતિ જોઈ અનેક ખેડૂતોએ પ્રાકૃતિક ઢબે ખેતીની શરૂઆત કરવા ઉત્સુક છે. ખેડૂત મનહરસિંહ રાણાએ પ્રાકૃતિક ખેતીમાં મેળવેલ સિદ્ધિને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પુરસ્કાર વડે બિરદાવી હતી. આ ઉપરાંત અનેક મહાનુભાવો પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સ્થાનિક ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીના હસ્તે પણ ખેડૂત મનહરસિંહ રાણાને સન્માનિત કરાયા છે. વધુમાં આત્મા દ્વારા તાલુકાના બેસ્ટ ખેડૂતનો એવોર્ડ ઉપરાંત અનેક સામાજિક સંસ્થા દ્વારા પણ એવોર્ડ મેળવી ચૂક્યા છે. હાલ, ખેડૂત મનહરસિંહ રાણા ભાલ પંથકના વિસ્તારોમાં અનેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી રહ્યા છે. તેઓ જણાવે છે કે, રાજ્ય સરકાર અંતર્ગત આત્મા સંસ્થા દ્વારા અપાતી તાલીમ લઈને હું પ્રાકૃતિક ખેતીમાં માસ્ટર બન્યો તે બદલ આત્મા સંસ્થા અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરું છું. આજે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત પણ સમગ્ર રાજ્યને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા પ્રયાસો કરી રહ્યા છે ત્યારે આપણે પણ એક જવાબદાર ખેડૂત તરીકે યોગદાન આપવું જોઈએ. સાથે સૌ ખેડૂતમિત્રોને અપીલ કરી હતી કે, જળ, જમીન અને જીવ બચાવવા સૌએ પ્રાકૃતિક ખેતીના માર્ગે અવશ્ય વળવું જોઈએ.

## ન્યૂઝ બ્રિફ

### રાશનકાર્ડમાં E-KYC હશે તો મળશે મફત અનાજ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

રાશનકાર્ડ ધારકોને મફત રાશનનો લાભ આપવામાં આવી રહ્યો છે. પરંતુ સમય સમય પર તેને અપડેટ કરવું પણ જરૂરી છે. આજે અમે તમને E-KYC વિશે માહિતી આપવા જઈ રહ્યા છીએ. અમે તમને એ પણ જણાવીશું કે તમે ઈ-કેવાયસી કેવી રીતે પૂર્ણ કરી શકો છો. પરંતુ આ પહેલા તમારે ઓનલાઈન જઈને કેટલીક મહત્વપૂર્ણ માહિતી ચેક કરવી પડશે. ખાદ્ય અને લોજિસ્ટિક્સ વિભાગે e-KYC વિશે જણાવ્યું છે. વાસ્તવમાં આ એટલા માટે કહેવામાં આવે છે કે રાશન કાર્ડ પર નોંધાયેલા સભ્યોના નામ અપડેટ કરવામાં આવે છે. કારણ કે મૃત્યુ અને લગ્નના કિસ્સામાં રાશનકાર્ડ ધારકોને મફત રાશનનો લાભ મળતો નથી. એટલે કે જે સભ્યોના નામ રાશનકાર્ડ પર નોંધાયેલા છે તે તમામ સભ્યોએ ઈ-કેવાયસી પૂર્ણ કરવું પડશે.

### અગ્નિકાંડ બાદ સુરેન્દ્રનગર પ્રાથમિક શિક્ષણ વિભાગની કાર્યવાહી

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

રાજકોટ અગ્નિકાંડ બાદ તંત્ર એકા એક હરકતમાં આવ્યું છે. ગુજરાતમાં રહેલી ગેમઝોનથી લઈને શાળાઓ સુધીના તમામ એકમો પર ફાયર સેફ્ટીના સાધનો અને NOCને લઈને તપાસ હાથ ધરી છે. ત્યારે સુરેન્દ્રનગરમાં પણ શિક્ષણ વિભાગ દ્વારા ખાનગી પ્રાથમિક શાળઆઓમાં સઘન ચેકિંગ હાથ ધર્યુ છે. સુરેન્દ્રનગરની આશરે ૧૧ જેટલી ખાનગી શાળાઓમાં સેફ્ટી જ ન હોવાનો ખુલાસો થયો છે. ૧૧ ખાનગી શાળાઓને બેદરકારી બદલ નોટિસ ફટકારવામાં આવી છે. જીવના જોખમે બાળકો શાળાઓમાં અભ્યાસ કરતા હોવાનું બહાર આવ્યું છે. બીજી તરફ આ અગાઉ રાજકોટ અગ્નિકાંડ બાદ વડોદરામાં તવાઈ બોલાવામાં આવી હતી. ફાયર અને BU પરવાનગી વગર ચાલતી પ્રિ-સ્કૂલ પર કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરાના ૪ ઝોનમાં ચાલતી ૨૫ પ્રિ- સ્કૂલ સીલ કરાઈ હતી. રહેણાંક વિસ્તારમાં કોમર્શિલ વપરાશ કરતી પ્રિ-સ્કૂલ સીલ કરાઈ હતી.

### ઘોઘંબામાં બકરી ચરાવવા ગયેલી ત્રણ બાળકીનાં મોત

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

વડોદરા નજીક ઘોઘંબાના સીમળિયાના પીપળીયા ગામમાં ડૂબી જવાને કારણે ત્રણ બાળકીનાં કરૂણ મોત નીપજ્યાં છે. આ ત્રણેવ બાળકીઓ મંગળવારે બકરીઓને ચરાવવા માટે ગઈ હતી. આ ત્રણ પૈકી એકને તરસ લાગતા તે ખાડામાં પાણી પીવા માટે ગઈ હતી. જોકે પાણી પીવા જતા તેનો પગ લપસતાં તે ખાડામાં પડી ગઈ હતી. આ એક બાળકીને બચાવવા માટે જતા અન્ય બે બાળકીઓ પણ ખાડામાં પડી હતી. જે બાદ આ ત્રણેવ બાળકીઓના ડૂબી જવાને કારણે મોત નીપજ્યા છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી બાળકો ડૂબી જવાની ઘટનાઓમાં વધારો થયો છે. ઘોઘંબાના સીમળિયાના પીપળીયા ગામમાં એક જ ફળિયામાં રહેતી અને એક જ કુટુંબની ત્રણ માસૂમ બાળકીઓના મોતથી અરેરાટી વ્યાપી ગઈ છે. આ ત્રણ બાળકીઓ બકરી ચરાવવા માટે ગઈ હતી.

**બાળક અકસ્માત સર્જશે તો વાલીને થશે ૩ વર્ષની કેદ!**

# શાળા શરૂ થાય તે પહેલાં બાળકોની સલામતી માટે અભિયાન શરૂ કરાયું

## અમદાવાદના ટ્રાફિક પોલીસ કમિશનર, RTO, DEO, AMCના અધિકારીનો એક મહત્ત્વનો સેમિનાર યોજાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

વધતા જતા માર્ગ અકસ્માતોને રોકવા માટે તંત્ર હવે સતર્ક થયું છે. અથવા તો વખતો વખત થતાં અકસ્માતોની હારમાળા જોઈને તંત્ર હવે સુતેલી નિદ્રામાંથી જાગ્યું છે અને કંઈક બોધપાઠ લઈને વધુ કડકાઈથી કામ લેવાની વાત કરી રહ્યું છે. જેને ધ્યાને લઈને આજે અમદાવાદમાં એક વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો. શાળા શરૂ થાય તે પહેલાં બાળકોની સલામતી માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું. આ અભિયાનના ભાગરૂપે અમદાવાદના ટ્રાફિક પોલીસ કમિશનર, RTO, DEO, AMCના અધિકારીનો એક મહત્ત્વનો સેમિનાર યોજાયો. જેમાં અકસ્માતોને રોકવા અને ફરજિયાત કાયદાનું પાલન થાય તે માટે નવા નિયમો લાગૂ કરવામાં આવ્યાં. ડીસીપી સફીન હસનની આગેવાનીમાં આ કાર્યક્રમ



યોજવામાં આવ્યો. જેમાં શાળાઓમાં ફાયર સેફ્ટી, રોડ ટ્રાફિક અકસ્માત સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી.

ઉલ્લેખનીય છેકે, ૧૫૦૦થી વધુ શાળાના સંચાલકો બેઠકમાં રહ્યા હાજર હતા. શાળાઓમાં બાળકોની સાવચેતી રાખવા અંગે અપાઈ સૂચના આપવામાં આવી હતી. આગામી સપ્તાહથી RTO, ટ્રાફિક, ફાયર અને DEOની ટીમ કરશે ચેકિંગ તેવું પણ નક્કી કરવામાં આવ્યું. RTO માન્ય વાહનોમાં જ બાળકો શાળાએ પહોંચે તે જરૂરી છે તેવી પણ સુચના આપવામાં આવી. આ સાથે નિયત કરેલી ઝડપે જ સ્કૂલ બસ ચલાવવાની ટ્રાફિક પોલીસ કમિશ્નર દ્વારા કડક સૂચના આપવામાં આવી.

અમદાવાદના ટ્રાફિક વિભાગની જવાબદારી સંભાળતા આઈપીએસ અધિકારી સફીન હસને જણાવ્યું હતુંકે, ઘણીવાર વાલીઓની બેદરકારીને કારણે પણ અકસ્માત સર્જાતા હોય છે. તેથી ગિયર વાળા વાહનો ચલાવવા માટે ૧૮ વર્ષથી વધુ ઉંમર હોવી જરૂરી છે. એનાથી નાની ઉંમરના બાળકો ગિયરવાળું વાહન ન ચાલે તે તકેદારી વાલીઓએ રાખવી પડશે. લાયસન્સ વગર બાળક વાહન ચલાવશે તો કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. બાળક અકસ્માત સર્જશે તો જેના નામે વાહન હોય તેને ૨૫ હજારનો દંડ અને ૩ વર્ષની કેદની સજા થશે. રજીસ્ટ્રેશન ન ધરાવતી સ્કુલ વાન સામે અમદાવાદ આરટીઓની લાલ આંખ. અમદાવાદના RTO જે જે પટેલે જણાવ્યુંકે, રજીસ્ટ્રેશન નહીં હોય તેવી સ્કૂલ વાનને નહીં ચલાવી લેવાય. આરટીઓ આવતીકાલથી ચલાવશે સ્કૂલ વાન ચેકીંગ અભિયાન હાથ ધરાયું હતું. અમદાવાદમાં ૧૫૦૦૦ હજાર થી વધારે સ્કુલ વાન હોવાનો અંદાજ છે. આરટીઓના ચોપડે ૨૦૧૯ થી અત્યાર સુધી માત્ર ૮૦૦ સ્કુલ વાન નોંધાયેલી છે. હાલ આરટીઓ ખાતે સ્કુલ વાન રજીસ્ટ્રેશન હાલ ચાલુ છે. દરરોજની સરેરાશ નોંધણી માટે ૮૦ એપ્લિકેશન આવતી હોય છે. તમામ શાળા સંચાલકોને સ્કુલ વાન રજીસ્ટ્રેશનની સુચના આપી દેવાઈ છે. સોમવારથી પોલીસ વિભાગ સાથે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવશે. રજીસ્ટ્રેશમન બાબતે છૂટ છાટ આપવાનો કોઈ પ્રશ્ન બનતો નથી. ચાલુ વાહને મોબાઈલ ઉપયોગ વાહન ચાલક કરશે તો થશે કાર્યવાહી.

**NSUIના પ્રમુખનો અપહરણનો મામલો**

# દલિત સમાજની જૂનાગઢથી ગોંડલ સુધી રેલીનું આયોજન

## ગણેશ ગોંડલના સમર્થનમાં સૌરાષ્ટ્રનું ગોંડલ માર્કેટિંગ યાર્ડ અને ગોંડલના ૮૪ ગામોએ બંધ પાળ્યો હતો

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૨ ।

જૂનાગઢ જિલ્લા અનુસૂચિત જાતિ સમાજના પ્રમુખ રાજુભાઈના પુત્ર અને જુનાગઢ શહેર દ્રજૈં ના પ્રમુખનું અપહરણ કરી હત્યાની કોશિશ કર્યાની ઘટના બની હતી. ગણેશ જયરાજસિંહ જાડેજા અને તેના મિત્રોએ ફરિયાદી સંજય સોલંકીને આરોપીઓ દ્વારા ફરિયાદી સંજય સોલંકીને ગણેશ જયરાજસિંહ જાડેજાના મકાનને લઈ જઈ નગ્ન કરી આડેધડ માર મારી પિસ્તોલ જેવા હથિયાર બતાવી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી માફી મંગાવતો વીડિયો બનાવ્યો હતો. તેમજ જો કેસ કરીશ તો તને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ફોર વ્હીલ કારમાં સંજય સોલંકીને જૂનાગઢ સાબલપુર ચોકડી નજીક ઉતારી દેવામાં આવ્યો હતો. પોલીસે આ ઘટનામાં આરોપીઓને પકડીને જેલ હવાલે કર્યા હતાં. આ બનાવને પગલે સમગ્ર અનુસુચિત



જાતિ સમાજમાં રોષ ફેલાયો છે. ત્યારે આજે દલિત સમાજ ગુજરાત દ્વારા જૂનાગઢથી ગોંડલ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. બીજી બાજુ 'ગણેશ ગોંડલ'ના સમર્થનમાં સૌરાષ્ટ્રનું ગોંડલ માર્કેટિંગ યાર્ડ અને ગોંડલના ૮૪ ગામો સ્વયંભુ સજ્જડ બંધ રહ્યા છે.આ બાઈક રેલી જૂનાગઢના કાળવા ચોક ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરના પૂતળાને ફુલહાર કરી પ્રસ્થાન કરવામાં આવી હતી. અનુસૂચિત જાતિ સમાજ દ્વારા યોજવામાં આવેલી બાઈક રેલી જૂનાગઢના કાળવા ચોક નવાગઢ ડૉ. આંબેડકર ચોક, વીરપુર હાઈવે, જામવાળી ચોકડી ગોંડલ અને ત્યારબાદ ડૉ.આંબેડકર ચોક ગોંડલ ખાતે બાઈક રેલી પહોંચશે, જ્યાં મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ મામલે અનુ.જાતિ સમાજના પ્રમુખ અને ભોગ બનનાર સંજય સોલંકીના પિતા રાજુ સોલંકીએ જણાવ્યું હતુ કે, આજે ગુજરાતભરના અનુસૂચિત જાતિ સમાજના લોકો દ્વારા જૂનાગઢથી ગોંડલ સુધી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાઈક રેલી જૂનાગઢ સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. બાબા સાહેબ આંબેડકરના પૂતળાને ફુલહાર પહેરાવી શરૂ થશે. ત્યારબાદ બાઈક રેલી વડાલ પહોંચશે. જ્યાં પાટીદાર સમાજના લોકો આ બાઈક રેલીનું સ્વાગત કરશે. રાજુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, આ બાઈક રેલીનું આયોજન એટલા માટે કરવામાં આવ્યું છે કે જૂનાગઢમાં આવી ગણેશ જાડેજા મારા દીકરાનું અપહરણ કરી તેને મારી ફરી જુનાગઢ મૂકી ગયો હતો. ત્યારે માત્ર જૂનાગઢ જ નહીં પરંતુ હવે જે ગામમાં દલિતો પર અત્યાચાર થશે ત્યાં અનુસૂચિત જાતિ સમાજ જશે અને એ ગામમાં વિરોધ કરાશે.

**૫.૩૧ લાખથી વધુ વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું**

# નમો લક્ષ્મી યોજના સહાય માટે વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું

## મોટાભાગે ધોરણ ૧૦-૧૨ની વિદ્યાર્થિનીઓનો સમાવેશ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા વિષયની માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓના અભ્યાસ ખર્ચમાં સહાયરૂપ થવા તેમજ તેમના પરિવારને આર્થિક સહાય પૂરી પાડવા રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં "નમો લક્ષ્મી" યોજના જાહેર કરી હતી. આ વર્ષના પ્રથમ શૈક્ષણિક સત્રથી નમો લક્ષ્મી યોજના અમલમાં મૂકવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વધુમાં વધુ વિદ્યાર્થિનીઓ આ યોજનાનો લાભ મેળવી શકે તે હેતુસર રાજ્ય સરકારે નવા શૈક્ષણિક સત્રથી જ નમો લક્ષ્મી યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત સહાય મેળવવા માટે અત્યાર સુધીમાં રાજ્યની આશરે ૫.૩૧ લાખથી વધુ વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં મોટાભાગે ધોરણ ૧૦ અને ૧૨ની વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીનીઓની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ધોરણ-૯ અને ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓનું પણ રજીસ્ટ્રેશન વધશે અને રજીસ્ટ્રેશનની સંખ્યામાં લગભગ બમણો વધારો થશે. રાજ્યના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણ માટેની રુચીમાં વધારો થાય તે હેતુસર ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નમો સરસ્વતી યોજના અમલી કરાઈ છે.

**ડાકોરમાં આવતા શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં**

# યાત્રાધામ ડાકોરમાં ગોમતી તળાવમાં ઉભરાતી ગટરનું પાણી મિશ્ર થયું

## તંત્ર આ મામલે આંખ આડા કાન કરતા હોવાની ફરિયાદ

। (એજન્સી) ડાકોર, તા.૧૨ ।

ખેડા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોર ખાતે આવેલ પવિત્ર ગોમતી તળાવના નીર પ્રદૂષિત થઈ રહ્યાં હોવા છતાં સ્થાનિક તંત્ર આ મામલે આંખ આડા કાન કરી રહ્યં હોવાની ફરીયાદો ઉઠી છે. ગોમતી તળાવમાં ગટરના પાણી ભળતા તળાવનું પાણી પ્રદૂષિત થઈ રહ્યું છે તેની સામે આ પ્રદૂષિત જળનું ભક્તો આચમન કરતા આસ્થા સહિત આરોગ્ય સામે પણ ખતરો ઉભો થયો હોવાનું જાણવા મળ્યું છે. યાત્રાધામ ડાકોર ખાતે આવેલ પવિત્ર ગોમતી તળાવ ડાકોરની ધરોહર છે. ડાકોર ખાતે દર્શનાર્થે આવતા યાત્રાળુઓ પવિત્ર ગોમતી તળાવમાં અચૂક ડૂબકી લગાવે છે અને કેટલાક યાત્રાળુઓ તળાવના જળનું આચમન પણ કરતા હોય છે. જો કે છેલ્લા કેટલાક સમયથી ગોમતીના નીર પ્રદૂષિત બન્યા હોવાની બૂમો ઉઠી છે. ગોમતી તળાવની આસપાસમાં આવેલ ગટરો ઉભરાતા ગટરમાંથી ગંદા પાણી ઉભરાઈને તળાવના પાણીમાં ભળતા જોવા મળી રહ્યાં છે. આ અંગે સ્થાનિકો દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆતો કરવા છતાં પાલિકા તંત્ર આ મામલે આંખ આડા કાન કરી રહ્યું છે. હાલ તો ગટરના પ્રદૂષિત પાણી ગોમતી તળાવમાં ભળતા સ્થાનિકો સહિત યાત્રાળુઓના આરોગ્ય સામે ભયંકર જોખમ ઉભું થવા પામ્યું છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ડાકોર નગરના વિવિધ વિસ્તારોમાં બિસ્માર માર્ગો તથા ગટરો ઉભરાવાની સમસ્યા સાથે અપૂરતા પાણીની સુવિધા અંગેની અવારનવાર ફરીયાદો ઉઠી છે. તાજેતરમાં જ પાણીના પ્રશ્નને લઈ ડાકોર નગરપાલિકામાં કેટલાક સ્થાનિકોએ હલ્લાબોલ કર્યો હતો. થોડા દિવસો અગાઉ સ્થાનિકો દ્વારા સાફસફાઈને મુદ્દે પાલિકા સંકુલમાં કચરો ઠાલવી પાલિકાના સત્તાધિશો સામે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# CNG પંપ એસોસીએશન દ્વારા હડતાલની જાહેરાત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

સમગ્ર રાજ્યમાં CNG એસોસીએશન દ્વારા પંપ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે, CNG પંપ અસોશિએશનની યોજાયેલી મિટિંગમાં આવતી કાલે એટલે કે ૧૩ જુન ૨૦૨૪ સવારે ૭ વાગ્યાથી લઈ ૧૪ જુન ૨૦૨૪ના સવારના ૭ વાગ્યા સુધી તમામ CNG પંપ બંધ રહેશે એવો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બંધનું એલાન યોગ્ય કમિશન ન મળવાને કારણે કરવામાં આવ્યું છે એવું ડીલર અસોશિએશન દ્વારા જણાવવામાં આવ્યું હતું .વધતી મોંઘવારીને પગલે બધીજ વસ્તુઓના ભાવ વધી રહ્યા છે, એવામાં CNG પંપ ડીલરો પણ એવી અપેક્ષા રાખે કે તેમના કમિશનમાં પણ વધારો થાય તો એમાં ખોટું શું છે? હાલ બદલાતા સમયમાં મધ્યમવર્ગીય લોકો માટે પેટ્રોલ ડિઝલનું બેસ્ટ ઓપ્શન CNG બની ગયું છે. તેથી દિવસેને દિવસે તેની વપરાશમાં વધારો જ નોંધાયો છે. અને એને પગલે ધીમે ધીમે CNGની માંગ પણ વધી રહી છે. હવે લોકો CNG ગાડી ખરીદવા પર વધારે ધ્યાન આપી રહ્યા છે પરંતુ ઘણા સમયથી એવી પરિસ્થિતિ છે કે કંપની અને ડીલર વચ્ચે કોઈને કોઈ બાબતે મતભેદ ચાલુ જ છે.

**અમદાવાદ હાઇવે પર વધુ એક જીવલેણ અકસ્માત**

# ટ્રેલર, ટ્રક અને ગાડી વચ્ચેની ટક્કરમાં ત્રણના મોત થયા

## ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

સમગ્ર દેશમાં એક્સપ્રેસ વે તેમજ આંતર રાજ્ય રસ્તાઓમાં વધારો -સુધારા કરવા છત્તા રાજયમાં દિવસે ને દિવસે અકસ્માતની ઘટનાઓમાં વધારો જ થતો જાય છે, અને રાજયમાં રોજ એક નવી અકસ્માતની ઘટના સામે આવે છે. આજ પાલનપુર-અમદાવાદ હાઈવે પર ટ્રિપલ અકસ્માતમાં થતા ૩ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો . ઘટનાની જાણ થતા જ તુરંત હાઇવે પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી, અને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવી કાર્યવાહી આરંભી હતી. બનાવની વિગત મુજબ પાલનપુર-અમદાવાદ હાઈવે પર ફરી એક વખત ગોઝારો અકસ્માત સર્જાયો છે. જેમાં ટ્રેલર, ટ્રક અને ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગાડીમાં સવાર ૩ લોકોનાં ઘટનાં સ્થળે જ મોત નિપજતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. અકસ્માતમાં ઘાયલ થયેલ લોકોને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.નેશનલ હાઈવે આખો દિવસ મોટા વાહનોથી ધમધમતો હોય છે. આ સ્થતિ માં અકસ્માત સર્જાતા નેશનલ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ બની ગઈ હતી. અને વાહનોની લાંબી કતારો થવા લગતા પોલીસ તરતજ કામે લાગી ગઈ હતી અને ટ્રાફિક જામ ઓછો કરવાના પ્રયાસો હાથ ધરયા તેમજ ઘટના સ્થળે ઈમરજન્સી ૧૦૮ ને બોલાવી ૩ ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. અને હાઈવે પર ટ્રાફિમ જામ ઓછો કરવા પોલીસ દ્વારા મૃતદેહોને પણ તાત્કાલિક પીએમ અર્થે મોકલ્યા હતા.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨